dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 253 | AD - 2025, Jeth Sud- 06 | Tuesday, Dt.17-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ દર્શન માટે રાજકોટના રસ્તાઓ પર મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા

# પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલીન

રાજકોટ,તા.૧૬

અમદાવાદમાં ૧૨ જૂનના અમદાવાદમાં સર્જાયેલ એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં નિધન પામેલા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નશ્વર દેહની સોમવારે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે રામનાથપરા સ્મશાન ખાતે અંતિમવિધિ કરવામાં આવી હતી. વરસતા વરસાદમાં સ્મશાનમાં હજારો લોકોની જનમેદની સાથે તેમના પરિવારજનો, નેતાઓ અને તેમના ચાહકોની આંખો ભીની થઈ ગઈ હતી. દીકરો ઋષભ રુપાણી પણ લોકોની સાથે ચાલતો જોવા મળ્યો હતો.







વિજયભાઈની અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા, જેમાં રાજકોટ શહેર જાણે હિબકે ચડ્યું હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. સોમવારે સવારે રૂપાણીના ધર્મપત્ની અંજલિબેન તથા પુત્ર ઋષભ અને પુત્રી સહિતના પરિવારજનોએ અમદાવાદ સિવિલ હોસ્પિટલથી વિજય રૂપાણીનો પાર્થિવ દેહનો સ્વીકાર કર્યો હતો. રાજ્ય સરકારે સોમવારે એક દિવસનો રાજકીય શોક જાહેર કર્યો હતો. રાજ્ય સરકારે પૂર્વ મુખ્યમંત્રીની અંતિમ વિદાયને ગૌરવમય બનાવી અદકેરું સન્માન આપ્યું હતું. સોમવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને રાજ્ય સરકારી માનદંડ અનુસાર ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમનાં ધર્મપત્ની અને પુત્ર સહિતના પરિવારજનોને સંપૂર્ણ સન્માન સાથે સોંપવામાં આવ્યો. સમગ્ર પ્રક્રિયા રાજ્યના પ્રોટોકોલ અનુસાર અને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવી હતી. રાજકોટ સ્થિત નિવાસસ્થાને અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ભીખુભાઈ દલસાણીયા, બી.એલ. સંતોષ, નીતિનભાઈ પટેલ, સી.આર. પાટીલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદિપસિંહ જાડેજા અને પરસોત્તમ રૂપાલા પહોંચ્યા હતા. જ્યાં તેમણે રૂપાણીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાજકોટ એરપોર્ટથી સ્વ.રૂપાણીના પાર્થિવ દેહને ગ્રીન લેન્ડ ચોકડી ખાતેથી પ્રકાશ સોસાયટી સુધી વિવિધ માર્ગો પર અંતિમ દર્શન માટે વિશેષરૂપથી તૈયાર કરાયેલા વાહનમાં ગોઠવીને અંતિમયાત્રા કાઢવામાં આવી હતી. રસ્તાની બંને બાજુ રાજકોટવાસીઓએ ઉભા રહીને રૂપાણીને શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી. તેમના પાર્થિવ દેહ પર ફુલોનો વરસાદ કર્યો હતો. કેટલાક લોકો દીપ પ્રગટાવીને પણ ઉભા હતાં. રૂપાણીનો પાર્થિવ દેહ પ્રકાશ સોસાયટી ખાતે અંતિમ દર્શન માટે રખાયો હતો. વિજયભાઈના નિવાસસ્થાને મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતાં. પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનને પગલે સોમવારે રાજ્ય સરકાર દ્વારા રાજકીય શોક જાહેર કરવામાં આવ્યો હતો. શ્રી ખોડલધામ મંદિરે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો.

# ઈરાને ઈઝરાયલમાં કરેલા વિનાશની ભારે કિંમત ચૂકવવી પડશે : નેતન્યાહૂ

(એચ.એસ.એલ),તહેરાન,તા.૧૬

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ હવે સતત તીવ્ર બની રહ્યું છે. બંને બાજુથી ઘણા હુમલા કરવામાં આવ્યા હતા. આ યુદ્ધને કારણે બંને દેશોને ભારે નુકસાન થઈ રહ્યું છે. ઈઝરાયલે આરોપ લગાવ્યો છે કે ઈરાન હવે તેના રહેણાંક વિસ્તારોમાં મિસાઈલ છોડી રહ્યું છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ઈરાનના મિસાઈલ હુમલામાં નાશ પામેલા બટ યામ શહેરની મુલાકાત લીધી હતી અને ઈરાની મિસાઈલોથી નાશ પામેલા શહેરની ઈમારતોનું નિરીક્ષણ કરતી વખતે, નેતન્યાહૂએ ઈરાનને સીધી ચેતવણી આપી હતી કે હવે તેને આ વિનાશની ભારે કિંમત ચૂકવવી પડશે. ઈઝરાયલનું બટ યામ શહેર તેલ અવીવની નજીક છે.

બટ યામ શહેરનો વિનાશ જોઈને, નેતન્યાહૂએ કહ્યું હતું કે ઈરાને મહિલાઓ અને બાળકો સહિત નિર્દોષ નાગરિકોની હત્યા કરવા બદલ ખૂબ જ ભારે કિંમત ચૂકવવી પડશે. નેતન્યાહૂએ કહ્યું હતું કે, ઈરાન જાણી જોઈને ઈઝરાયલના રહેણાંક વિસ્તારોને નિશાન બનાવી રહ્યું છે. હવે અમે આનો યોગ્ય જવાબ આપીશું. અમે અમારું લક્ષ્ય પ્રાપ્ત કરીશું અને હવે જોરદાર હુમલો





કરીશું.

નેતન્યાહૂએ કડક સ્વરમાં કહ્યું હતું કે ઈઝરાયલ માટે, આ યુદ્ધ અસ્તિત્વ માટે લડાઈ છે કારણ કે ઈરાનનો પરમાણુ અને મિસાઈલ કાર્યક્રમ ઈઝરાયલ માટે બેવડો વિનાશક ખતરો છે. શહેર તરફ ઈશારો કરતા તેમણે કહ્યું- જુઓ, રહેણાંક વિસ્તારોને કેટલું નુકસાન થયું છે, જો તેમની પાસે પરમાણુ બોમ્બ હોત તો શું થયું હોત. આવી સ્થિતિમાં, હવે આપણે આપણી જાતને બચાવવા માટે શક્ય તેટલા બધા પગલાં લઈશું. ઈઝરાયલી રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગ અને રાષ્ટ્રીય સુરક્ષા મંત્રી ઈટામાર બેન ગ્વિરે પણ બટ યામ શહેરની મુલાકાત લીધી છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ ૧૩ જૂનથી ચાલી રહ્યું છે અને હવે તે વધી રહ્યું છે. ઈઝરાયલે ૧૩ જૂને ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. તેનો દાવો છે કે રવિવારે તેણે ૨,૩૦૦ કિલોમીટર દૂર ઉત્તર-પૂર્વીય ઈરાનમાં મશદ એરપોર્ટ પર હુમલો કર્યો હતો. તે જ સમયે, ઈરાનનો દાવો છે કે તેણે ત્રણ ઈઝરાયલી ફાઈટર વિમાનોને તોડી પાડ્યા છે અને બે પાઈલટને બંધક બનાવ્યા છે.







# દેશમાં બે તબક્કામાં વસ્તી ગણતરી, સરકારે જાહેરનામું બહાર પાડ્યું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૬

ભારતમાં વસ્તી ગણતરી બે તબક્કામાં યોજાશે અને કેન્દ્ર સરકારે આ અંગે એક સૂચના બહાર પાડી છે. ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી છે કે ભારતની વસ્તી ગણતરી વર્ષ ૨૦૨૭ દરમિયાન કરવામાં આવશે. ગૃહ મંત્રાલયે સોમવારે વસ્તી ગણતરી અધિનિયમ, ૧૯૪૮ હેઠળ વસ્તી ગણતરી અને જાતિ વસ્તી ગણતરી સંબંધિત એક સૂચના બહાર પાડી. જોકે ભારતમાં વસ્તી ગણતરી દર ૧૦ વર્ષે કરવામાં આવે છે, પરંતુ કોરોના રોગચાળાને કારણે, વસ્તી ગણતરી મુલતવી રાખવામાં આવી રહી હતી, પરંતુ હવે સૂચના જારી થયા પછી, સ્પષ્ટ થઈ ગયું છે કે વસ્તી ગણતરીનું કાર્ય ટૂંક સમયમાં શરૂ થશે. આગામી વસ્તી ગણતરી ૨૦૩૫ માં હાથ ધરવામાં આવશે. આ વખતે વસ્તી ગણતરી પ્રક્રિયા બે તબક્કામાં કરવામાં આવશે, જેનો પહેલો તબક્કો ૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે, જ્યારે બીજો અને અંતિમ તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે અને ૧ માર્ચ, ૨૦૨૭ ને સંદર્ભ તારીખ તરીકે ગણવામાં આવશે, એટલે કે, તે સમયે



દેશની વસ્તી અને સામાજિક સ્થિતિના આંકડા ગમે તે હોય, તે જ રેકોર્ડમાં નોંધવામાં આવશે અને પછી આ આંકડા જાહેર કરવામાં આવશે, જે તમે પણ જાણી શકશો. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ અને ઉત્તરાખંડ જેવા પર્વતીય રાજ્યોમાં વસ્તી ગણતરી પ્રક્રિયા અન્ય રાજ્યો કરતા પહેલા ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. તેનું કારણ અહીંનું હવામાન અને ઠંડી છે, ૧ ઓક્ટોબર, ૨૦૨૬ ને આ રાજ્યો માટે સંદર્ભ તારીખ તરીકે ગણવામાં આવશે. વસ્તી ગણતરીની સમગ્ર પ્રક્રિયા ૧ માર્ચ, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થશે, એટલે કે, સમગ્ર પ્રક્રિયા લગભગ ૨૧ મહિનામાં પૂર્ણ થશે. આ પછી, વસ્તી ગણતરીનો પ્રાથમિક ડેટા માર્ચ ૨૦૨૭માં જાહેર કરવામાં આવશે, જ્યારે વિગતવાર ડેટા જાહેર કરવામાં ડિસેમ્બર ૨૦૨૭ સુધીનો સમય લાગશે.









**અંતિમયાત્રામાં તરવડા ગુરુકુળના સંતો, ધારાસભ્ય કૌશિક વેકરીયા, બાવકુ ઉંધાડ, ડેપ્યુટી કલેક્ટર નંદા, ડીવાએસપી દેસાઇ, પીએસઆઇ ગાંગળા, મામલતદાર ભીંડી, ઇન્ચાર્જ ટીડીઓ સહિતના અધિકારી રહ્યા હાજર**

# પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા અર્જુન પટોળિયાને મેઘસવારી વચ્ચે અશ્રુભરી આંખે અંતિમ વિદાય અપાઈ

વડીયા,તા.૧૬

અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે ત્યારે આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહ ડિએનએ સેમ્પલથી મેચ કરી વહીવટી તંત્રની મદદ લઈ તેમના પરિવારજનોને સોપવામાં આવી રહ્યા છે. અમરેલી જિલ્લાના વડીયાના વતની એવા અર્જુનભાઈ પટોળિયાનો મૃતદેહ તેમના વતન વડીયા ખાતે વહીવટી તંત્ર દ્વારા લાવી તેમના પરિવારને સોંપવામાં આવ્યો હતો. આ સમયે તેમના પરિવાર પર આવી પડેલી દુ:ખની આ ઘડીમાં વિવિધ





સ્વામિનારાયણ મંદિરના સંતો, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઊંધાડ, ડેપ્યુટી કલેક્ટર નંદા, ડિવાએસપી દેસાઈ, બગસરા મામલતદાર ભીંડી, વડીયા પીએસઆઈ ગાંગળા, વડીયા મામલતદાર, ટીડીઓ અને પોલીસ સ્ટાફ સહિતનાએ પરિવારને સાંત્વના સાથે મૃતકને શ્રદ્ધાંજલિ આપી હતી. વડીયાના કૃષ્ણપરા સ્થિત તેમના નિવાસસ્થાનેથી મેઘસવારી વચ્ચે યોજાયેલી સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને મૃતક અર્જુનભાઈને અશ્રુભરી આંખોએ અંતિમ વિદાય અપાઈ હતી. આ તકે વડીયા ગ્રામપંચાયતની અપીલથી વડીયા ગામ પણ અડધો દિવસ બંધ રહ્યું હતુ.

# સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે મહાદેવ ગ્રુપ દ્વારા અબોલ પક્ષીઓ માટે સેવાયજ્ઞ

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે મહાદેવ ગ્રુપ દ્વારા ઉનાળાની કાળજાળ ગરમીમાં અબોલ પક્ષીઓ માટે અનોખી પહેલ હાથ ધરવામાં આવી છે. વંડાથી જેસર જતા માર્ગના તમામ લીમડાના વૃક્ષો પર પાણીના કુંડા મૂકવામાં આવ્યા છે. આ કુંડામાં દરરોજ




ત્રણ વખત સ્વચ્છ પાણી ભરવામાં આવે છે, જેથી પક્ષીઓ તરસ્યા નથી જતાં. આ પહેલ પશુ-પક્ષીઓ માટે પ્રેમ અને માનવતાની ઊંડી ભાવનાને દર્શાવે છે. મહાદેવ ગ્રુપનું આ સેવાકાર્ય શેલણા ગામ સહિત સમગ્ર વિસ્તાર માટે પ્રેરણાદાયી છે. આ કાર્ય દ્વારા પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલતા પણ વધે છે. આ કાર્યને સમાજના વિવિધ વર્ગો તરફથી આવકાર મળી રહ્યો છે અને અન્ય લોકો પણ આવા કાર્યો માટે પ્રોત્સાહિત થઈ રહ્યા છે.

# અમરેલી લેઉવા પટેલ એમ.કોમ. મહિલા કોલેજનું M.Com (GM) સેમ-૧માં ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ એમ.કોમ. મહિલા કોલેજ, શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના M.Com (GM) સેમ-૧



યુનિવર્સિટી પરિણામમાં અદ્‌ભુત સફળતા પ્રાપ્ત કરી છે. કોલેજે ૧૦૦% પરિણામ સાથે ૧૦૦% ફર્સ્ટક્લાસ મેળવીને શૈક્ષણિક ક્ષેત્રે ફરી એકવાર પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. તેજાણી હીમાની કે. - કોલેજમાં પ્રથમ સ્થાન - ૮૯.૯૦%, ગોયાણી ક્રિનલ આર. - કોલેજમાં દ્વિતીય સ્થાન - ૮૯.૨૦%, બોરડ રવિના કે. - કોલેજમાં તૃતીય સ્થાન - ૮૯.૨૦% મેળવતા આ વિદ્યાર્થિનીઓએ કોલેજનું ગૌરવ વધાર્યું છે.

# બે વર્ષ પહેલા ખાતમુહૂર્ત થયેલા દોલતીથી વીજપડી રેલવે સ્ટેશન સુધીના રસ્તાનું કામ હજી અધ્ધરતાલ

અમરેલી,તા.૧૬

વર્ષ ૨૦૨૨માં દોલતી ગામથી ભમ્મર અને વીજપડી રેલવે સ્ટેશન સુધી બે કરોડના ખર્ચે માઈનોર બ્રિજના કામ મંજૂર થયેલ. ૨૦૨૨ ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાને લઈ સરકાર દ્વારા ભૂમિપૂજન પણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ આજદિન સુધી કોઈપણ પ્રકારની કાર્યવાહી થઈ નથી. હાલમાં આ રસ્તો ખૂબ જ જર્જરિત હાલતમાં હોય રાહદારીઓને અવરજવર માટે ખૂબ જ મુશ્કેલી પડી રહી છે જેથી આ રસ્તાનું કાર્ય ઝડપથી શરૂ થાય અને જર્જરિત રસ્તાઓનું સમારકામ કરવામાં આવે તેવી ગ્રામજનોએ માંગ કરી છે. અન્યથા ગ્રામજનોને સાથે રાખી આંદોલન કરવામાં આવશે તેમ સાવરકુંડલા યુવક કોંગ્રેસના પ્રમુખ નિર્મળ વાટલીયાની યાદીમાં જણાવાયું છે.

**આ રસ્તો ખૂબ જ જર્જરિત હાલતમાં હોય, રાહદારીઓને અવરજવર માટે ખૂબ જ મુશ્કેલી પડી રહી છે જેથી આ રસ્તાનું કાર્ય ઝડપથી શરૂ થાય તેવી ગ્રામજનોએ માંગ કરી**

# પ્રથમ વરસાદે જ જિલ્લાના જળાશયોમાં નવા નીરની આવક

અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લામાં મેઘરાજાએ સિઝનના પ્રથમ વરસાદમાં જ મહેર કરી છે અને જિલ્લાભરની તમામ નદીઓમાં પૂર આવ્યા છે જેના કારણે જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. સાવરકુંડલા તાલુકાના સૂરજવડી સિંચાઈ યોજના ડેમમાં ભારે વરસાદના કારણે આવક વધતા ડેમ ઓવરફ્લો થયો છે. ડેમમાં પ્રતિ સેકન્ડ ૫૯૬૦ ક્યુસેક પાણીની આવક નોંધાય છે જેના કારણે દોલતી અને ઘાંડલા ગામોના લોકોને નદીના પટ્ટમાં અવરજવર ન કરવા તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે. રાજુલા નજીક આવેલ ધાતરવડી - ૧ ડેમ પણ ભારે વરસાદના કારણે પૂર્ણ સપાટીએ ભરાયો છે. જેને હાઈ એલર્ટ પર મૂકવામાં આવ્યો છે.

# જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના આયોજન માટે બેઠક યોજાઈ

અમરેલી તા.૧૬

૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કાર્યક્રમોના સુચારુ આયોજન માટે જિલ્લા કલેક્ટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૫ની થીમ 'એક પૃથ્વી-એક સ્વાસ્થ્ય માટે યોગ' છે. આ બેઠકમાં જિલ્લાના અધિકારીઓને દિશાનિર્દેશ આપતા અજય દહિયાએ જણાવ્યુ હતું કે, પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થશે. ગ્રામ પંચાયતોની ચૂંટણી તેમજ બગસરા તાલુકાના ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ઠ ગામોમાં યોગ દિવસની ઉજવણી દરમિયાન આદર્શ આચારસંહિતાના પાલન સાથે આ કાર્યક્રમ યોજવામાં આવશે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે સંબંધિત અધિકારીઓને, તેમણે કરવાની કામગીરી અંગે જરુરી સૂચન કર્યા હતા. બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક, જિલ્લા શિક્ષણાધિકારીઓ, પ્રાંત અધિકારીઓ, તાલુકા મામલતદારો, જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા યોગ કો-ઓર્ડિનેટર સહિતના સંબંધિત અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દેવળીયામાં વૃક્ષારોપણ અને વિકાસ કાર્ય માટે સહયોગ

અમરેલી,તા.૧૬

દેવભૂમિ દેવળીયા ગામથી સાવરકુંડલા રોડને જોડતા ત્રણ કિ.મી. માર્ગની બંને બાજુ પર વૃક્ષારોપણની સુંદર પહેલ કરવામાં આવી છે. શાંતાબા મેડિકલ કોલેજ, અમરેલી દ્વારા લગભગ ૩૦૦ ટ્રીગાર્ડ આપીને સહયોગ કરવામાં આવ્યો, જ્યારે ખાડા ખોદવા અને વાવેતર




મનરેગા યોજના હેઠળ કરવામાં આવ્યું છે. વાવેતર માટે વડ, લીમડો, સરલ અને કરંજ જેવા રોપા જંગલખાતાના અધિકારીઓ અને કર્મચારીઓના સહયોગથી વિનામૂલ્યે મળ્યા છે. વૃક્ષોને નિયમિત પાણી આપવા માટે દેવભૂમિ દેવળીયા વિકાસ યુવક મંડળ સુરત જવાબદારી નિભાવશે. આ સર્વાંગી સહયોગ બદલ સરપંચ ભાવનાબેન નાથાલાલ સુખડીયા તથા દેવભૂમિ દેવળીયા ગ્રામ પંચાયત તરફથી તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલામાં મેહુલભાઈ વ્યાસ દ્વારા ૬૨૪મું ચક્ષુદાન સ્વીકારાયું

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલા શહેરની સેવાકીય સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસ દ્વારા તેમની સેવાયાત્રાનું ૬૨૪મું ચક્ષુદાન ગતરોજ સ્વીકારવામાં આવ્યું. મૂળ જાબાળ ગામના લાલજીભાઈ બરવાળીયા



પોતાના પુત્ર સાથે ખોરાળીના કેડે ખેતીકામ માટે એક્કો બળદગાડું લઈને ગયેલા, પરત ફરતા સમયે વોંકળામાં પાણીના તીવ્ર પ્રવાહમાં તણાઈ જતા દુઃખદ અવસાન પામ્યા હતા.

પરિવાર દ્વારા ચક્ષુદાન માટે સંકલ્પ લેવાતા મેહુલભાઈ વ્યાસ અને તેમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ચક્ષુદાનની પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.







# વિમાન દુર્ઘટનામાં સ્નેહીજનો ગુમાવનાર કાબરીયા પરિવારને સાંત્વના પાઠવતા આગેવાનો

અમરેલી,તા.૧૬

અમદાવાદ ખાતે થયેલ વિમાન દુર્ઘટનામાં અમરેલીના જે.બી.કાબરીયાના બેન-બનેવીનું પણ દુઃખદ અવસાન થયું હતું. વિમળાબેન હિરપરા અને બાબુભાઈ હિરપરા મૂળ અમરેલીના વતની છે. તેઓના અંતિમસંસ્કાર ગઈકાલે કર્યા બાદ સોમવારે તેમના પિયર પક્ષમાં મોટી સંખ્યામાં રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો અને સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ આશ્વાસન પાઠવ્યું હતું. જેમાં



સુરેન્દ્રનગરના સાંસદ ચંદુભાઈ સિહોરા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, પી.પી. સોજીત્રા, અશ્વિનભાઈ સાવલીયા, વસંતભાઈ મોવલિયા, નારણભાઈ કાછડીયા, જયંતીભાઈ પાનસુરીયા, સુરેશભાઈ દેસાઈ, રમેશભાઈ કથરોટિયા, નરેશભાઈ સાકરિયા, બી.એસ. કોઠિયા વગેરેએ પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

મોટા આંકડીયા, મોટા ભંડારીયા સહિતના ગામોમાં ૭ ઈંચથી વધુ વરસાદથી તબાહી

# અમરેલી તાલુકામાં ભારે વરસાદથી નદી-નાળા છલકાયા

અમરેલી,તા.૧૬

અમરેલી તાલુકામાં રવિવાર સાંજથી જ મેઘરાજાએ મહેરબાની કરી છે. રવિવાર સાંજે ધીમી ધારે શરૂ થયેલ વરસાદ સોમવારે બપોર બાદ ધોધમાર વરસ્યો હતો. અમરેલી તાલુકાના બાબાપુર, ભંડારીયા, મેડી, તરવડા, નાના માંડવડા સહિતના ગામોમાં સૂપડા ધારે વરસાદ પડ્યો હતો. નાના ભંડારીયા, વડેરા, રંગપુર, મોટા આંકડીયા, કાઠમા સહિતના ગામોમાં ભારે વરસાદથી નદી-નાળા છલકાઈ ગયા હતા. ગોખરવાળા, ચક્કરગઢ, દેવળીયા સહિત તાલુકાભરના ગામડાઓમાં ભારે વરસાદથી વાડી-ખેતર બેટમાં ફેરવાઈ ગયા છે.



નગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી પર ઉઠ્યા સવાલ

# અમરેલી શહેરની સોસાયટીઓના મકાનોમાં પાણી ઘૂસ્યા

અમરેલી,તા.૧૬

ભારે વરસાદના કારણે અમરેલી શહેરના રસ્તાઓ પર ગોઠણબૂડ પાણી ભરાયા હતા. જેના કારણે રાહદારીઓને ભારે મુશ્કેલી પડી હતી. ભારે વરસાદથી અમરેલી શહેરમાં આવેલ કામનાથ ડેમ ઓવરફ્લો થયો હતો. અમરેલીમાં વિદ્યાનગર સોસાયટીના મકાનોમાં બીજી વખત વરસાદી પાણી ભરાતા રહીશો હેરાન-પરેશાન થઈ ગયા હતા. અમરેલી શહેરમાં જ્યાં જુઓ ત્યાં પાણી ભરાયા હતા. બપોર બાદ મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા અમરેલીના લાઠી રોડ પર આવેલ બ્રાહ્મણ સોસાયટીમાં જવાનો રસ્તો પાણી ભરાવાને કારણે બંધ થયો હતો જેના કારણે સાંજના સમયે ઘરે પહોંચવામાં સ્થાનિકોને મુશ્કેલી પડી હતી. આ ઉપરાંત અમરેલીના હાર્દસમા રાજકમલ ચોકમાં પણ કેડ સમા પાણી ભરાયા હતા. દિવસ દરમિયાન પડેલા ભારે વરસાદના કારણે શહેરના લગભગ તમામ વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિને કારણે શહેરીજનોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને નગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી પર પણ સવાલ ઉઠ્યા છે.





મોટા વાહનોના ગેરકાયદે પ્રવેશથી લોકોમાં રોષ

# સાવરકુંડલા-મહુવા રોડ ડાયવર્ઝન પર કાદવ-કીચડનું સામ્રાજ્ય

સાવરકુંડલા,તા.૧૬

સાવરકુંડલાના મહુવા રોડ ફાટક પાસે ઓવરબ્રિજના નિર્માણ કાર્યને કારણે મેઈન રોડ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આ ડાયવર્ઝન રોડ પર કાદવ અને કીચડનું સામ્રાજ્ય છવાયેલું છે, જેના કારણે રાહદારીઓ અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ડાયવર્ઝન રોડ પર મોટા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં, નિયમોની ધજાગરા ઉડાડીને કન્ટેનર જેવા મોટા વાહનો આ રસ્તા પરથી શહેરમાં ગેરકાયદે પ્રવેશી રહ્યા છે. સોમવારે વહેલી સવારે એક મોટું કન્ટેનર આ ડાયવર્ઝન રોડ પર ઊંધું વળી ગયું હતું, જેના કારણે ટ્રાફિકમાં ભારે અવરોધ ઊભો થયો હતો. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં રોષ ફેલાયો છે. નિયમો અનુસાર, કોન્ટ્રાક્ટર દ્વારા ડાયવર્ઝન રોડ પર ડામર પાથરવાનો હોય છે, પરંતુ તેના બદલે માત્ર માટી નાખી દેવામાં આવી છે, જેના કારણે વરસાદી પાણી અને વાહનોની અવરજવરથી રસ્તો કાદવ-કીચડથી ભરાઈ ગયો છે. આનાથી રાહદારીઓ, ખાસ કરીને બાળકો અને વૃદ્ધો તેમજ નાના વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે સ્થાનિક વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરની બેદરકારી સામે લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિક પ્રશાસનને આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપી, ડાયવર્ઝન રોડની સ્થિતિ સુધારવા અને ગેરકાયદે વાહનોના પ્રવેશને અટકાવવા માટે કડક પગલાં લેવામાં આવે તેવી લોકોની માગણી છે.



તસવીર : સૌરભ દોશી

ગાડી પાર્ક કરીને ખરીદી કરવા ગયા અને.....

# બગસરામાં કુંકાવાવ નાકા પાસે પાર્ક કરેલી કાર ભડભડ સળગી ઉઠી

બગસરા, તા. ૧૬

બગસરામાં કુંકાવાવ નાકા પાસે પાર્ક કરેલી વેગનઆર કાર અચાનક આગ લાગવાથી ભડભડ સળગી ઊઠી હતી. વાહનચાલક પોતાની ગાડીને પાર્ક કરી ખરીદી કરવા ગયા હતા ત્યારે અચાનક શોર્ટ સર્કિટ થતાં તે સળગી ઊઠી હતી. જ્યારે આ કારની બાજુમાં ભાર રીક્ષા પણ પાર્ક કરેલી હતી તેને પણ આ આગથી નુકસાન થયું હતું, પરંતુ આ રીક્ષાના માલિકે જીવના જોખમે રીક્ષા બચાવી લીધી હતી. રહેણાંક વિસ્તારની બાજુમાં જ આ કાર પાર્ક કરેલ હતી, પરંતુ અહીંના લોકોને કોઈ પણ પ્રકારનું નુકસાન થયું ન હતું. આ ઘટનાની જાણ બગસરા પોલીસ સ્ટેશન અને નગરપાલિકાને થતાં ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી ગયું હતું અને આગને કાબુમાં લીધી હતી.



# સાવરકુંડલાના મેકડા ગામે વાડીએ શેઢા પાસે પડેલા ખાળીયામાં માટી નાખી બુરાણ કરવા મુદ્દે માથાકૂટ થઈ

**કોદાળીનો ઘા મારી જાનથી મારવાની ધમકી આપી**

વંડા, તા.૧૬

અમરેલી જિલ્લામાં મેઘમહેર થતાંની સાથે જ ધરતીપુત્રો શેઢા પાળા રિપેર કરી રહ્યા છે.

આ દરમિયાન સાવરકુંડલાના મેકડા ગામે વાડીએ શેઢા પાસે પડેલા ખાળીયામાં માટી નાખી બુરાણ કરવા મુદ્દે માથાકૂટ થઈ હતી. કોદાળી વડે મુંઢ ઈજા કરી મારી નાખવાની ધમકી આપી હતી. બાબુભાઈ લખમણભાઈ રાણપરીયા (ઉ.વ.૬૫ )એ ચિમનભાઈ અકબરી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની માલિકીની જમીનમાં આરોપીએ ભાગવી રાખેલી જમીનના શેઢા પાસે વરસાદી પાણીથી ખાળીયા પડી ગયા હતા. જે ખાળીયામાં તેઓ માટી નાખી બુરાણ કરતા હતા. બુરાણ કરતી વખતે થોડીક માટી આરોપીએ ભાગવી રાખેલ જમીનમાં ગઈ હતી. જે વાતનું મનદુઃખ રાખી તા.૧૩/૦૬/૨૫ ના રોજ સવારના આશરે દસેક વાગ્યે તેમની માલિકીની જમીનમાં ગુનાહિત અપ-પ્રવેશ જેમ ફાવે તેમ ગાળો આપી તેમની વાડીમાં પડેલ કોદાળી વડે ડાબા પગના સાથળના ભાગે મારી મુંઢ ઈજા કરી તેમને મારી નાખવાની ધમકી આપી હતી.

વંડા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.જે. લકુમ વધુ તપાસ કરી રહ્યા છે

# સા.કુંડલાના મઢડા ગામે વિધવા સાથે આડાસંબંધના મનદુઃખમાં યુવકની હત્યા થઈ હોવાનો ખુલાસો

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલાના મઢડા ગામે વિધવા સાથે આડાસંબંધના મનદુઃખમાં યુવક પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં યુવકનું મોત થતાં કેસ હત્યામાં પલટાયો હતો. ગઈકાલે ખેતી કરતા આધેડ પર હુમલો કરવામાં આવ્યો હતો જેનું સાચું કારણ પોલીસ ફરિયાદ બાદ સામે આવ્યું છે. બનાવ સંદર્ભે વિરડી ગામે રહેતા ગોરધનભાઈ જેરામભાઈ ગોહીલ (ઉ.વ.૪૬) એ મઢડા ગામે રહેતા જીવાભાઈ રામભાઈ ભાલીયા, હરેશ ઉર્ફે હકો જીવાભાઈ ભાલીયા, જયદીપ હરેશભાઈ ભાલીયા, ઘનશ્યામભાઈ કરમશીભાઈ ભાલીયા, દાનુભાઈ જીવાભાઈ ભાલીયા, પુંજાભાઈ અરજણભાઈ ભાલીયા, જયરાજ પુંજાભાઈ ભાલીયા, મેરાભાઈ બચુભાઈ ભાલીયા તથા નિલેશભાઈ વિનુભાઈ ભાલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મરણજનાર પરશોતમ ઉર્ફે છનાભાઈ જેરામભાઈ ગોહિલને જીવાભાઈ રામભાઈ ભાલીયાના દીકરા વિનુભાઈની વિધવા પત્ની સાથે આડા સંબંધ હોવાની વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ એકસંપ કરી ગેરકાયદે મંડળી બનાવી લાકડીઓ, પ્લાસ્ટીકના પાઈપ અને કમરપટ્ટા જેવા હથિયારો વડે તથા ઢીકાપાટુથી મરણજનારને શરીરે આડેધડ જીવલેણ માર મારી ઈજા પહોચાડી હતી. ગંભીર ઈજા થવાથી તેનું મોત નિપજ્યું હતું. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.


અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર

ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી




રાધેશ્યામ નગરી

સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી

રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર

ઉપલબ્ધ સુવિધાઓ

● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડયુલર સ્વીચ બોર્ડ અને ઈલેક્ટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર

સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯


# જિલ્લામાંથી ૧૪ પીધેલા પકડાયા

અમરેલી, તા.૧૬

અમરેલી જિલ્લામાંથી પોલીસે ૧૪ લોકોને કેફી પીણું પીને ફરતી હાલતમાં ઝડપી પાડ્યા હતા. જેમાં દુધાળા ચેકપોસ્ટ પરથી પાંચ પકડાયા હતા. ગાધકડા ગામે ગોરડકા જવાના જુના રસ્તેથી ૧૫ લીટર પીવાનો દેશી દારૂ પકડાયો હતો. જ્યારે સરકારી પીપળવા ગામેથી ૨ લીટર અને સામાકાંઠા રામાપીર મંદિર પાસેથી ૨ લીટર મળી કુલ ૧૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 091

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ - ગર્લ્સ સ્કૂલ બપોર

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ - મિશ્ર સ્કૂલ સવાર

સંકુલ ધો. ૧૧-૧૨ કોમર્સ - ઈ.મી. સ્કૂલ સવાર

ગર્લ્સ સ્કૂલ માં - હોસ્ટેલ ગર્લ્સ & સિટી ગર્લ્સને પ્રવેશ

મિશ્ર સ્કૂલ માં - સિટી કુમાર & સિટી ગર્લ્સને પ્રવેશ


-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૨૩/૨૦૨૫

પ્રતિ,
શ્રી નરેશભાઈ તુલસીભાઈ જેઠવા
રે. કનકાઈ શેરી, મું.કોડીનાર

.....અરજદાર

વકીલશ્રી એન.એમ.જાદવ રહે.મુ.કોડીનાર, તા.કોડીનાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ગામ/વિસ્તારના રહીશ શ્રી નરેશભાઈ તુલસીભાઈ જેઠવા ના માતૃશ્રી અંબાબેન તુલસીભાઈ જેઠવા નું મરણ તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ કોડીનાર ખાતે મરણ થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર નગરપાલિકાના સને.૨૦૨૩ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

-// તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, મેજીસ્ટ્રેટ સાહેબની - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૭૨/૨૦૨૫

પ્રતિ,
સમીર બાબુભાઈ પરમાર
રે.સત્યમ સોસાયટી, કોડીનાર, તા.કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

.....અરજદાર

વકીલશ્રી એન.એમ.જાદવ રે.કોડીનાર.

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનાર ના રહીશ શ્રી સમીર બાબુભાઈ પરમાર તથા નશરીન સમીર પરમારના પુત્ર રોનક સમીર પરમારનો જન્મ સને.૧૯/૦૭/૨૦૧૯ ના રોજ કોડીનાર રા.ના.વાળા હોસ્પિટલ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર નગરપાલિકાના સને.૨૦૧૯ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૬/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર


નિત્યા સ્કીન કિલનીક

સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર

- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠક્કર

M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ

ઉપલબ્ધ સારવાર

- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ

M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# જાફરાબાદના નાગેશ્રી ગામે ભાવનગર સોમનાથ નેશનલ હાઈવે પર હોટલ શિવ શક્તિનું ઉદ્‌ઘાટન થયું

જાફરાબાદ, તા. ૧૬



જાફરાબાદ રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, પૂર્વ ધારાસભ્ય અમરીશભાઈ ડેર અને માનવ મંદિર સાવરકુંડલાના મહંત ભક્તિરામ બાપુ દ્વારા હોટલ કોહિનૂર ગ્રુપની શિવ શક્તિ હોટલ ખુલ્લી મુકવામાં આવી હતી. જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામના વતની દિલુભાઈ વરુની શિવ શક્તિ હોટલમાં જે કોઈ લોકો પગપાળા ચાલીને યાત્રાએ જતા હશે તેને આ હોટલમાં નિઃશુલ્ક રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત કોહિનૂર ગ્રુપના માલિક દિલુભાઈ વરૂ દ્વારા શાંતિ રથ ગ્રામ પંચાયત નાગેશ્રીને અર્પણ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગંગાસ્વરૂપ બહેનોને સાડી પણ વિતરણ કરવામાં આવી હતી. તેમજ તેમના પૌત્ર જયદિત્યભાઈ વરુના કરવિધિનો કાર્યક્રમ પણ ભૂદેવ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ સાથે કરવામાં આવ્યો હતો.

**પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી**

# ધારીના માલસીકા ગામે માથાકૂટના સમાધાન મુદ્દે પ્રૌઢ પર ગુપ્તીથી જીવલેણ હુમલો કર્યો

**રોકડા રૂ. ૧૦ હજાર કઢાવી લેવાની માંગણી કરી**

ધારી, તા.૧૬

ધારીના માલસીકા ગામે માથાકૂટના સમાધાન મુદ્દે પ્રૌઢ પાસે રોકડા રૂ. ૧૦ હજાર કઢાવી લેવાની માંગણી કરી ગુપ્તીથી હુમલો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જો પોલીસ ફરિયાદ કરશો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બનાવ અંગે કિશોરભાઈ વિરજીભાઈ માથુકીયા (ઉ.વ.૬૦)એ રવી મધુભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને પોતાની કાળા કલરની સ્કૂટીમાં માલસીકા ગામની ગૌચરની જમીને લઈ જઈ ત્યાં ઉભા રહી, અગાઉ થયેલી માથાકૂટના સમાધાન પેટે બળજબરીથી રોકડા રૂ.૧૦,૦૦૦ કઢાવી લેવાની માંગણી કરી, ગાળો આપી હતી. તેમજ સ્કૂટીમાંથી ગુપ્તી કાઢી તેમને હાથે, પગે તથા શરીરે આડેધડ ગુપ્તી આડી કરી મુંઢમાર મારી ઈજા કરી હતી. તેમજ તેમને સ્કૂટીમાં બેસાડી રહેણાંક મકાને મૂકી જઈ પોલીસ ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાના કુતાણા ગામે બજારમાં કાંટા વેરવાની ના પાડતાં હુમલો કર્યો

લીલીયા, તા.૧૬

લીલીયાના કુતાણા ગામે બજારમાં કાંટા વેરવાની ના પાડતાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે જીતુભાઈ મગનભાઈ જોટંગીયા (ઉ.વ.૫૦)એ દેહાભાઈ ભગવાનભાઈ બેરા, સુરાભાઈ દેહાભાઈ બેરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તહોમતદારો તેમના ઘર પાસે કાંટાની વાડ કરતા હતા. તે વખતે તેમની ચાલવાની બજારમાં કાંટા વેરાતા હતા જેથી તેમણે બજારમાં કાંટા વેરવાની ના પાડતા સારૂ નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈ જઈ તેમને જેમફાવે તેમ ગાળો આપી હતી. તેમજ ડાબા હાથે પાઈપના બે ઘા મારી ફ્રેક્ચરની ઈજા કરી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ સી.બી. ટીલાવત વધુ તપાસ કરી રહ્યા છે.

# રેવન્યુ માર્ગદર્શક રમણિકભાઈ કોટડીયા દ્વારા 'તમે જ તમારા વકીલ બનો' પાંચમો તાલીમ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૬



રાજકોટમાં આજી ડેમથી નજીક રામવનથી આગળ રેવન્યુ બાબતોના નિષ્ણાંત રમણિકભાઈ કોટડીયાની વાડીમાં નહિ નફો નહિ નુકસાનના ધોરણે નોર્મલ ફી સાથે 'તમે જ તમારા વકીલ બનો' કેમ્પનું આયોજન રાખવામાં આવે છે. આ પાંચમો તાલીમ કેમ્પ તા.૧૪ અને ૧૫ જૂનના યોજાયો હતો, જેમાં અંદાંજે ૫૦ની સંખ્યામાં ખેડૂતોએ લાભ લીધો હતો. આ ખેડૂતો સુરત, દેવભૂમિ દ્વારકા, સાબરકાંઠા, અમરેલી, અમદાવાદ, સુરેન્દ્રનગર વગેરે જિલ્લામાંથી આવ્યા હતા. બે ખેડૂતોએ રાજસ્થાન અને મહારાષ્ટ્રમાં મુંબઈથી પણ રમણિકભાઈના યુ-ટ્યુબ વીડિયો સાંભળી, રજીસ્ટ્રેશન કરાવી માર્ગદર્શન મેળવ્યું હતું. તેમાં નિવૃત્ત અધિકારીઓ એવા ખેડૂતપુત્રોએ લાભ લીધો. આ કેમ્પમાં વિસ્તૃત કાયદાકીય બાબતોનું તટસ્થપણે અને પોઝિટીવ માર્ગદર્શન આપ્યું હતું.

# રાજુલાના કાતર ગામના યુવકને ગાળો બોલી ગર્ભિત ધમકી આપી

**રાજુલા તાલુકા પંચાયતના ગેટ પાસે ઘટના બની**

રાજુલા, તા.૧૬

રાજુલાના કાતર ગામના યુવકને તેમના જ ગામના યુવકે ગાળો બોલી ગર્ભિત ધમકી આપી હતી. રાજુલા બસ સ્ટેન્ડ પાસે આવેલા તાલુકા પંચાયતના ગેટ પાસે ઘટના બની હતી. આ સંદર્ભે અમરીશભાઈ ઉર્ફે બાબભાઈ દાદાભાઈ વરૂ (ઉ.વ.૩૦)એ તેમના જ ગામના જયસુખભાઈ ઉર્ફે જયતો રાજાભાઈ જોગદીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ રાજુલા તાલુકા પંચાયત પાસે તેમની ફોરવ્હીલ ગાડીમાં બેઠા હતા તે દરમિયાન આરોપી મોટરસાયકલ લઈને તેમની પાસે આવ્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો બોલી ગર્ભિત ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના દેવભૂમિ દેવળીયા ગામે પ્રૌઢ મહિલાને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો

**ફરિયાદી ઘરે પાણી ભરતી વખતે કઈંક બોલતા હતા**

અમરેલી, તા.૧૬

અમરેલીના દેવભૂમિ દેવળીયા ગામે રહેતા પ્રૌઢ મહિલા પાણી ભરતી વખતે કઈંક બોલતા હતા જેથી તેમની બાજુમાં રહેતા પડોશીને સારું નહોતું લાગ્યું અને મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે લક્ષ્મીબેન ગોવિંદભાઈ પીપળીયા (ઉ.વ.૬૫)એ કાળુભાઈ નનુભાઈ વાઘેલા તથા તેમના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાના ઘરે પાણી ભરતા ભરતા કાંઈક બોલતા હતા જેથી તેમના ઘરની બાજુમાં રહેતા કાળુભાઈ નનુભાઈ વાઘેલા તથા તેની પત્નીને સારૂ નહીં લાગતા લાકડીનો એક ઘા કમરના ભાગે માર્યો હતો. તેમજ થાપાના ભાગે ફ્રેક્ચર કર્યું હતું. ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.એન. જાદવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમદાવાદમાં લીલીયા મોટા લેઉવા પટેલ પરિવારનો ૯મો સ્નેહમિલન સમારોહ યોજાયો




અમરેલી, તા.૧૬

અમદાવાદ મુકામે શ્રી લીલીયા મોટા લેઉવા પટેલ પરિવાર, અમદાવાદનો ૯મો સ્નેહમિલન કાર્યક્રમ તથા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં સવજીભાઈ ભડકોલીયાનું આજીવન દાતા તરીકે સન્માન કરવામાં આવ્યું હતું.

**આંખ ઉઘાડતો કિસ્સો**

# અમરેલીમાં સગાઈ તોડી નાખવાની ધમકી આપી મંગેતરે મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો

**લગ્ન કરી લેશે તેવી લાલચ આપી હતી**

અમરેલી, તા.૧૬

અમરેલી શહેરમાં આંખ ઉઘાડતો કિસ્સો સામે આવ્યો હતો. મંગેતરે તેની ભાવિ પત્નીને સગાઈ તોડી નાખવાની ધમકી આપી તેના ઘરે તથા વિવિધ જગ્યાએ લઈ જઈ મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. બનાવ અંગે યુવતીએ કાલાવાડમાં રહેતા આદિલ સતારભાઈ પટેલ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની સગાઈ આરોપી સાથે તા.૧૯/૦૯/૨૦૨૪ ના થઈ હતી. આરોપીએ તેની સાથે લગ્ન કરી લેશે તેવી લાલચ તેમજ સગાઈ તોડી નાખવાની ધમકી આપી તેના જ ઘરે ઉપરના બીજા માળે રૂમમાં તથા રાજકોટ મુકામે જામનગર રોડ, સંસ્કારધામ સ્કૂલની પાછળ આવેલ હોટેલમાં અવારનવાર તેની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી પીએસઆઈ આર.ડી. કુવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: છઠ્ઠ
તા. ૧૭-૦૬-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૨૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

**તા.૧૭-૦૬-૨૦૨૫ મંગળવાર**

મેષ: આજના દિવસે તમારે ખૂબ જ મહેનત કરવી પડી શકે છે. જો તમે વેપારી છો તો આજે તમારે બિનજરૂરી વધારે પડતો શ્રમ કરવો પડી શકે છે.

વૃષભ: આજનો દિવસ દોડધામમાં પસાર થશે. ક્યારેક સંતાનો સાથે સંકળાયેલી સમસ્યાઓના સમાધાન માટે મહેનત કરશો.

મિથુન: આજનો દિવસ સુખદ જણાઈ રહ્યો છે. નોકરી અને વ્યવસાય સાથે જોડાયેલી સમસ્યાઓનું સમાધાન થશે અને તમે પ્રગતિ કરી શકશો.

કર્ક: આજનો દિવસ તમારા માટે મોજ મસ્તીવાળો રહેશે અને આજે તમે તમારા પરિવારમાં જ મસ્ત રહેશો. આગળ જતા સફળતા મળશે.

સિંહ: આજનો દિવસ તમારા માટે મિશ્રિત ફળદાયક છે. મોટા અધિકારી સાથે વિવાદ થઈ શકે છે અને તમને નુકસાન થઈ શકે છે.

કન્યા: આજનો દિવસ મહેનત કરીને પરિણામ મેળવવા માટેનો દિવસ છે. આજે પરિવારના લોકો તમારી મદદ કરશે અને તમારૂ નસીબ તમને સાથ આપશે.

તુલા: આજે ઓફિસમાં અધિકારીઓ પણ તમારા કામના વખાણ કરવામાં પાછીપાની નહી કરે. જો તમે વેપાર કરો છો તો આજે ગ્રાહકોની ભારે ભીડથી તમારી દુકાન ભરેલી રહેશે.

વૃશ્ચિક: આજે કાર્ય ક્ષેત્રમાં તમારા વરિષ્ઠ અધિકારીઓ સાથે વિવાદ થઈ શકે છે. કામમાં બેદરકારી રાખવાથી આવું થઈ શકે છે.

ધન: આજે કોઈ કારણોસર તમે માનસિક રીતે વ્યસ્ત રહેશો. આજનો દિવસ કોઈ પણ પ્રકારની અશાંતિમાં પસાર થશે.

મકર: આજનો દિવસ તમારા માટે ખાસ છે. પરિવારના લોકો તમારો સાથ આપશે અને નસીબના કારણે આજે તમને કરિયરમાં શુભ તક મળી શકે છે.

કુંભ: આજનો દિવસ મિશ્રિત રહેશે અને કોઈ મામલે લાભ તો કોઈ મામલે નુકસાન થઈ શકે છે. આજે ઓફિસમાં તમારા પદ અને અધિકારોમાં વધારો થઈ શકે છે.

મીન: આજનો દિવસ ઉત્તમ થવા જઈ રહ્યો છે. આજે તમને ક્યાંક અટવાયેલા રૂપિયા મળવાની આશા દેખાઈ રહી છે જેનાથી તમારો વિશ્વાસ ધર્મ અને આધ્યાત્મિકતામાં વધશે.

# સા.કુંડલાની એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં "રોડ સેફ્ટી" અંતર્ગત કાર્યક્રમની ઉજવણી

સાવરકુંડલા,તા.૧૬



સાવરકુંડલા ખાતે આવેલી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ૧૪-૬-૨૫ ના રોજ વિદ્યાર્થિનીઓને રોડ સેફ્ટી અંતર્ગત જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમ અંતર્ગત શાળાના આચાર્યા ઉષાબેન તેરૈયા અને સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી દ્વારા વિદ્યાર્થિનીઓને માર્ગ સલામતી તેમજ વાહનો ચલાવવા બાબતે કેટલીક બાબતોથી માહિતગાર કરેલ હતી. સાથોસાથ શાળાના શિક્ષક અશ્વિનભાઈ અને સંગીતાબેન પરમાર દ્વારા આ કાર્યક્રમ અંતર્ગત વિસ્તૃત સમજ પૂરી પાડેલ હતી.

આ કાર્યક્રમનું સંચાલન મેહુલભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ હતું, એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું છે.

# રાજુલાની ૧૩ વર્ષની દીકરીને શૂટિંગમાં ગૌરવશાળી સફળતા

રાજુલા,તા.૧૬



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલાની ૧૩ વર્ષની દીકરીએ સાણંદ સ્થિત ગ્લોબલ મિશન ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતા સાથે પિસ્તોલ શૂટિંગમાં અસાધારણ સફળતા મેળવી છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા યોજાયેલ પ્રૂવ ટેલેન્ટ પરીક્ષામાં તેની STF પ્રથમ રેન્ક સાથે ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ માટે પસંદગી થયેલી છે. આ સફળતાથી રાજુલા શહેરનું ગૌરવ વધાર્યું છે. દીકરીઓ પણ દીકરાથી કંઈ ઓછી નથી, તેવો સંદેશો આ દીકરીએ લોકોને આપ્યો છે. રાજુલાની વિવિધ સંસ્થાઓ તરફથી તેને શુભેચ્છાઓનો વરસાદ થયો છે.

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૧૧૫/૨૦૨૫

અરજદાર :- શ્રી રામભાઈ મનસુખભાઈ અકબરી
રહે. વાંકીયા, તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. વાંકીયા, તા.જિ.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી રામભાઈ મનસુખભાઈ અકબરીએ તેઓની બહેન ઈન્દુબેન મનસુખભાઈ અકબરીનો જન્મ (તા.૦૧/૦૬/૧૯૫૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## -// તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.મરણ/કેસ/રજી.નં.૧૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ભુપતભાઈ ભગવાનભાઈ મોરી
ગામ - ગીર દેવળી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી એન.એમ.જાદવ રહે.કોડીનાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગીર દેવળી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામના રહીશ શ્રી ભગવાનભાઈ નારણભાઈ મોરી ના પત્ની કાનુબેન ભગવાનભાઈ મોરીનું મરણ તારીખ :૧૩/૧૧/૨૦૧૪ ના રોજ કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ગીર દેવળી ગામના સને.૨૦૧૪ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ/કેસ/રજી.નં.૬૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી કુલસુમબેન યુસુફ કચ્છી
રહે. કોળી ચોરા ચોક, કોડીનાર, તા. કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વકીલશ્રી એન.એમ.જાદવ રહે.કોડીનાર**

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને ચીફ ઓફીસરશ્રી,
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોડીનારના રહીશ શ્રી યુસુફ નુરમહમદ કચ્છી તથા શ્રી કુલસુમબેન યુસુફ કચ્છી નો પુત્ર શ્રી ઈરફાન યુસુફ કચ્છી નો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૯ ના રોજ કોડીનાર કોડીનાર મુકામે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર નગરપાલિકાના સને.૧૯૭૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# ટેરિફ બાદ ઇરાન યુદ્ધથી પરિસ્થિતિ વધુ વકરશે

ઈરાન ઈઝરાયેલ વચ્ચે યુદ્ધને કારણે રાતા સમુદ્રમાંથી પસાર થતા સમુદ્રી જહાજોનો માર્ગ રૂંધાતા પેટ્રોલિયમ પેદાશોના ભાવ આસમાને પહોંચી જશે જેને કારણે વિશ્વના લગભગ મોટાભાગના દેશોમાં મોંઘવારી માની ન શકાય તેટલી વધી જાય એવું બની શકે. આજે એશિયા તથા મધ્ય પૂર્વના અડધો ડઝન જેટલા દેશોમાં યુદ્ધનો માહોલ છે ત્યારે પરિસ્થિતિ ચિંતાજનક બનતી જાય છે. આ યુદ્ધ તાકીદે અટકે નહી તો આગળ પર એશિયા-યુરોપ નેવિગેશન જળમાર્ગોમાં પરિવહન ખોરવાય શકે. જેને કારણે વિશ્વના દેશોમાં પરિસ્થિતિ વધુ વણસી બની શકે છે. ઈઝરાયલે હુમલો કરતા ઈરાને પલટવાર કર્યો. આથી યમનના હુથી વિદ્રોહીએ સુએઝ માર્ગ બંધ કરવાની ધમકી આપી. જેના કારણે ભારત સહિતના મોટાભાગના દેશોના વિકાસ પર ગંભીર અસર થશે. તાજેતરમાં ઈરાન ડ્રોન અને મિસાઈલથી ઈઝરાયલને જવાબ આપી રહ્યું છે, જે હુમલાને ઈઝરાયલે અટકાવ્યો હતો. નિષ્ણાતો કહે છે કે ઈરાન ભવિષ્યમાં અસામાન્ય યુદ્ધ રણનીતિ અપનાવી શકે છે. જેમ કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરવું જે વૈશ્વિક તેલ પુરવઠાને અસર કરશે. રિપોર્ટ જણાવે છે કે ઈરાન સીધા યુએસ લશ્કરી ઠેકાણાને પણ નિશાન બનાવી શકે છે અથવા હિઝબુલ્લાહ (લેબનોન) અથવા હુથી બળવાખોરો (યમન) જેવા તેના પ્રોક્સી નેટવર્કથી હુમલો કરાવી શકે છે. આ ઉપરાંત ઈરાન-યુએસ પરમાણુ વાટાઘાટો પર સંકટના વાદળ ઘેરાયા છે. જો કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે નક્કર કરાર વિના કંઈ થશે નહીં પરિણામે રાજદ્વારી માર્ગ હાલ માટે બંધ હોય તેવું લાગે છે. પશ્ચિમ એશિયામાં ઈરાન અને અન્ય દેશો વચ્ચે સંઘર્ષ ચાલુ છે. આ માટે ઘણા આર્થિક, ધાર્મિક અને ભૌગોલિક પરિબળો જવાબદાર છે. તેલ અને કુદરતી સંસાધન: પશ્ચિમ એશિયામાં વિશ્વનું ૪૬% તેલ છે. વૈશ્વિક તેલ ભંડારમાં ઈરાનનો હિસ્સો ૧૨.૧% છે. તે દુનિયાનો ચોથો સૌથી મોટો તેલ ભંડાર ધરાવતો દેશ છે. ઈરાન શિયા-પ્રભુત્વ ધરાવે છે અને સાઉદી અરેબિયા સુન્ની પ્રભુત્વ ધરાવે છે, પ્રાદેશિક સત્તા સંઘર્ષ ગાઢ બન્યો છે. ઈરાન પશ્ચિમ એશિયાનો બીજો સૌથી મોટો દેશ છે. તે કેસ્પિયન સમુદ્ર અને પર્સિયન ગલ્ફ વચ્ચે સ્થિત છે. ઈઝરાયેલે ઈરાન પર હવાઈ હુમલા કરીને તેના અણુમથકોને નુકસાન પહોંચડતા અખાતમાં તંગદીલી ચરમસીમાએ પહોંચતા સોના-ચાંદી અને ક્રૂડમાં તેજી ફાટી નીકળી છે. ઈરાને વળતો હુમલો કરી ઈઝરાયેલ પર સંખ્યાબંધ મિસાઈલો છોડયા હતા. હવે બહુપક્ષીય સંઘર્ષ બની ચૂકયો છે. ઈરાન આખરી દાવ તરીકે હોરમુઝની ખાડીમાં શિપિંગ બ્લોકેડ કરે તો ક્રૂડના ભાવ ભડકે બળવાની ભીતિ છે. લેબેનોન-સિરિયા-ગાઝા-ઈરાન-યેમેન સાથે ઈઝરાયેલે અનેક મોરચા ખોલી દીધા છે. અમેરિકાએ અત્યાર સુધી યુદ્ધમાં સીધો ભાગ લીધો નથી પણ ઈઝરાસેલ પર દાગેલા મિસાઈલ રોકીને યુધ્ધમાં એની સક્રિય ભૂમિકા છતી કરી છે. જો રેડ સીમાં શિપિંગ ડિસરપ્શન થાય તો ક્રૂડઓઈલમાં તેજી ફાટી નીકળે, ક્રૂડની તેજીને પગલે બાયોડીઝલમાં પણ તેજી આવી શકે એવી અટકળે શુક્રવારે શિકાગો સોયાતેલમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. ક્રૂડ એક તબક્કે ૭૭ ડોલર-૧૦ ટકા વધીને છેલ્લે ૭૩ ડોલર હતું. લંડન સોનું ૩૪૭૭ ડોલર અને ચાંદી ૩૬.૭૮ ડોલર થઈ ગઈ હતી. શિપિંગ ફ્રેઈટમાં તેજીનો સંચાર દેખાય છે. રેડ સી શિપિંગ ડિસરપ્શનથી અખાતમાં સંખ્યાબંધ કોમોડિટિઝના વેપારમાં મોટું ડિસરપ્શન આવી શકે છે. જહાજી નૂર ભાડાનું બેરોમીટર બાલ્ટિક ફ્રેઈટ ઈન્ડેકસ ૧૯૬૦ થઈ ગયો છે. ત્રણ માસમાં બાલ્ટિક ઈન્ડેકસ ૭૫૦થી વધીને ૧૯૬૦ થઈ ગયો છે.

# ગુજરાતમાં હવે કોલસો પણ પાઇપલાઇનથી આવે છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

કોલ સ્લરી પાઈપલાઈન (Coal Slurry Pipeline) એટલે એક ખાસ પ્રકારની પાઈપલાઈન હોય છે જેનો ઉપયોગ કોલસાને પાણીમાં મિક્સ કરીને દ્રાવ્ય સ્વરૂપે (slurry from) એક સ્થળેથી બીજા સ્થળે ટ્રાન્સપોર્ટ કરવા માટે થાય છે. કોલ સ્લરી એટલે શું તેવો પ્રશ્ન લોકોને થાય તે સ્વાભાવિક છે. કોલ સ્લરી એ કોલસાનો સૂક્ષ્મ પાઉડર (powdered coal) અને પાણીનું મિશ્રણ છે. સામાન્ય રીતે ૫૦-૬૦% કોલસો અને ૪૦-૫૦% પાણીનું મિશ્રણ હોય છે. આ મિશ્રણને પંપ વડે પાઈપલાઈન મારફતે લાંબા અંતર સુધી મોકલવામાં આવે છે. પરંપરાગત રીતે કોલસાને ટ્રેન કે ટ્રકથી પહોંચાડવામાં આવે છે, જે ખર્ચાળ અને સમયલેણ હોય છે. કોલ સ્લરી પાઈપલાઈન વધુ સરળ, સતત અને પર્યાવરણીય રીતે સાફ માર્ગ છે. આ રીતનું કોલસા પરિવહન વીજ ઉત્પાદન કેન્દ્રો, સ્ટીલ પ્લાન્ટ્સ અને અન્ય ઉદ્યોગો માટે ઉપયોગી છે. કોલ સ્લરી પાઈપલાઈનના ઘટકોમાં સ્ટોરેજ પ્લાન્ટ મુખ્ય છે. સ્ટોરેજ ટૅન્ક્સમાં પાવડર કોલસો પાણીમાં મિક્સ કરવામાં આવે છે. સ્લરી મિક્સર – કોલસો અને પાણીનું સરખું મિશ્રણ બનાવે છે. પમ્પિંગ સ્ટેશન – સ્લરીને આગળ ધપાવવા માટે ઉપયોગમાં લેવાય છે અને પછી તેને પાઈપલાઈન દ્વારા આગળ ધકેલવામાં આવે છે. આ પાઈપલાઈન વિશિષ્ટ મેટલ અથવા પોલિમરથી બનેલી ટફ પાઈપલાઈન છે.

જ્યાં આ સ્લરી પહોંચે છે ત્યાં સેપરેશન યુનિટ હોય છે જેમાં પાણી અને કોલસો અલગ થાય છે. ખનિજ ક્ષેત્રથી સીધું ઔદ્યોગિક ક્ષેત્ર સુધી ટ્રાન્સપોર્ટ શક્ય બન્યું છે. આના કારણે ફ્યુઅલ ખર્ચ ઘટે છે.

વાયુ પ્રદૂષણ ઓછું થાય છે, ટ્રાફિકનો બોજ ઘટે છે. આવી પાઈપલાઈનના કેટલાક ગેરફાયદાઓ છે જે નીચે મુજબ છે. આમાં પાણીનો ઉપયોગ વધુ થાય છે. પાઇપલાઈન સ્થાપન ખર્ચાળ છે. જો લીક થાય તો પર્યાવરણીય નુકસાન થઈ શકે છે. ઓડિશાના ખનિજ ક્ષેત્રથી ગુજરાત સુધી આયર્ન ઓર અને કોલસાનું ટ્રાન્સપોર્ટેશન હાલ થઈ રહ્યું છે. જે એસ્સાર સ્લરી પાઈપલાઈન તરીકે ઓળખાય છે. લોકો એમ માને છે કે કોલસાના પથ્થર જેવા મોટા ટુકડા હોય છે. લોખંડ પણ વજનદાર કટકા રૂપે હોય છે એને કંઈ પાઈપલાઈન દ્વારા થોડા મોકલી શકાય પરંતુ આધુનિક ટેકનોલોજી મુજબ કોલસાના ટુકડાને અર્ધ પ્રવાહી એટલે કે સ્લરી બનાવીને પાઈપલાઈન દ્વારા મોકલી શકાય છે.



આવી રીતે કોલસાના ખનીજને પણ ગ્રાઈન્ડ કરીને તેની સ્લરી બનાવીને પાઈપલાઈન દ્વારા મોકલી શકાય છે. આવા પ્રકારની પાઈપ ભારતે તૈયાર કરી નાખી છે અને ટૂંક સમયમાં તેનો ઉપયોગ પણ શરૂ થશે. સ્લરી પાઈપલાઈન નખાઈ ગઈ છે. પાઈપલાઈન ત્રણ તબક્કામાં નાખવામાં આવી છે. છત્તીસગઢથી આંધ્રપ્રદેશ સુધી આયર્ન પરિવહન માટે દેશની સૌથી લાંબી સ્લરી પાઈપલાઈન બની રહી છે. કિરંદુલથી વિશાખાપટ્ટનમ સુધીની ૪૫૦ કિલોમીટર લાંબી પાઈપલાઈન ૨ વર્ષમાં રૂ. ૨૨૦૦ કરોડના ખર્ચે બનશે. નેશનલ બચેલીથી નગરનાર સુધી મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એનએમડીસી) આ માટે તૈયારી કરી રહ્યું છે. આનાથી ખનિજોના પરિવહનનો ખર્ચ અડધો થઈ જશે તેમજ પરિવહનમાં એક તૃતીયાંશ સમય અને કાર્બન ઉત્સર્જન ઘટશે. હાલમાં દેશની સૌથી લાંબી સ્લરી પાઈપલાઈન એસ્સારે બનાવી છે જેની લંબાઈ ૨૬૭ કિમી છે. જ્યારે વિશ્વની સૌથી લાંબી સ્લરી પાઈપલાઈન બ્રાઝિલની મિનાસ રિયો આયર્ન પ્રોજેક્ટ છે જેની કુલ લંબાઈ ૫૨૯ કિમી છે.

એનએમડીસીના સ્લરી પાઈપલાઈન પ્રોજેક્ટના જીએમ અને હેડ બી.એસ. યાદવે જણાવ્યું કે પ્રથમ તબક્કામાં બચેલીથી નગરનાર સુધી ૧૩૦ કિમી પાઈપલાઈનનું કામ પૂર્ણ થયું છે. બીજા તબક્કામાં બચેલીથી કિરંદુલ સુધી ૮ કિમી પાઈપલાઈન નખાશે. ત્રીજા તબક્કામાં નગરનારથી વિશાખાપટ્ટનમ સુધી ૩૧૩ કિમી પાઈપલાઈન નખાશે. આ કામ ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. આ માટે નેધરલેન્ડથી ૫ પંપ મગાવાયા છે, ૧૩૦૦ ઘનમીટર/કલાક પાણીની જરૂર પડશે. નેધરલેન્ડ્સથી પાંચ પંપ મંગાવવામાં આવ્યા છે. આ પાઈપલાઈનથી વાર્ષિક ૧.૫ કરોડ ટન આયર્ન મોકલવાની યોજના છે, જેના માટે પ્રતિ કલાક ૧૩૦૦ ઘન મીટર પાણીની જરૂર પડશે. ઓડિશા સરહદ નજીક જગદલપુરમાં શબરી નદી પરના પંપ હાઉસમાંથી નગરનારમાં એનએમડીસી સ્ટીલ લિમિટેડમાં બનેલા જળાશયમાં એકત્રિત કર્યા પછી તેને પાઈપથી બચેલી પહોંચાડવામાં આવશે. જેના દ્વારા વિશાખાપટ્ટનમથી દક્ષિણ કોરિયા સુધી આયર્ન ઓરની નિકાસ થશે.વિશાખાપટ્ટનમથી દક્ષિણ કોરિયા સહિત અન્ય દેશોમાં આયર્ન ઓર નિકાસ કરાય છે. આ જ કારણ છે કે લગભગ ૧૫૦ કિલોમીટર વધારાની પાઈપલાઈન નાખવામાં આવી છે. છત્તીસગઢના નગરનારના એનએમડીસી સ્ટીલ લિમિટેડને પણ આ પાઈપલાઈનથી આયર્ન ઓર સપ્લાય કરવામાં આવનાર છે. પાઈપલાઈનથી આયર્ન ઓર મોકલવામાં ઉપયોગમાં લેવાતા પાણીને રિસાયકલ કરવાની યોજના બનાવાઈ રહી છે. સ્લરી પાઈપલાઈન એ એક પાઈપલાઈન છે જેનો ઉપયોગ સામાન્ય રીતે આયર્ન ઓરને પાણીની સાથે સ્લરી (એક પાતળું મિશ્રણ હોય છે જેમાં કોઈપણ અદ્રાવ્ય ઘન પદાર્થ પ્રવાહીમાં ઓગળી જાય છે) બનાવી દૂર સુધી પહોંચાડવા માટે કરવામાં આવે છે.

આ માટે જે પાઈપલાઈન બનાવવામાં આવે છે તે ખાસ પ્રકારની હોય છે. આ પાઈપલાઈનમાં જ્યાં વળાંક આવે છે ત્યાં બ્લોકેજ થઈ શકે છે પરંતુ જ્યારે આવું થાય ત્યારે ફોર્સથી પાણી પાઈપલાઈનમાં ધકેલવામાં આવે છે આથી પાઈપલાઈન ક્લિયર થાય છે અને સ્લરી આગળ પહોંચે છે. આ માટે ખાસ પ્રકારના પંપ વપરાય છે જે સામાન્ય પંપ થી અલગ છે. ટૂંકમાં, આ નવી ટેકનોલોજી છે તથા ખનીજનું પરિવહન ઝડપી બનશે અને પર્યાવરણ પણ ચોખ્ખું રહેશે.

**મોટાભાગના લોકો માને છે કે પાઇપલાઇન માત્ર પાણીની હોય કે ઓઇલની હોય પરંતુ હવે તો ભારતે એવી ટેકનોલોજી વિકસિત કરી છે કે લોખંડ અને કોલસો પણ પાઇપલાઇનથી મોકલી શકાય છે અને આ માટેની યોજના પૂર્ણતાને આરે છે**

## સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૪૯૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૩૩ |
| જુવાર સફેદ | ૬૦૦ | ૮૬૪ |
| જુવાર લાલ | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૫૦૫ |
| બાજરી | ૩૭૦ | ૪૫૦ |
| તુવેર | ૧૧૭૮ | ૧૩૧૦ |
| ચણા પીળા | ૯૮૮ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૧૨૫ |
| અડદ | ૧૨૬૦ | ૧૪૧૧ |
| મગ | ૧૩૧૦ | ૧૫૨૧ |
| વાલ દેશી | ૪૩૦ | ૮૮૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૬૩૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૯૫૦ |
| કળથી | ૬૫૦ | ૮૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૪૬૦ |
| મગફળી જાડી | ૯૫૦ | ૧૨૧૦ |
| મગફળી જીણી | ૧૦૨૫ | ૧૬૨૦ |
| તલી | ૧૪૨૫ | ૧૯૩૫ |
| સુરજમુખી | ૯૮૧ | ૯૮૧ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૭૮ |
| અજમો | ૯૦૦ | ૧૬૬૦ |
| સુવા | ૧૦૪૧ | ૧૪૮૦ |
| સોયાબીન | ૭૫૦ | ૯૧૧ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૩૭૫ |
| કાળા તલ | ૨૬૨૦ | ૩૩૦૦ |
| લસણ | ૭૮૦ | ૧૩૫૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ધાણી | ૧૧૨૫ | ૧૫૦૦ |
| વરીયાળી | ૯૫૦ | ૧૩૮૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મેથી | ૮૦૦ | ૧૨૫૦ |
| ઇસબગુલ | ૧૦૯૦ | ૨૦૮૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૩૯૦૦ |
| રાયડો | ૧૦૮૦ | ૧૧૭૦ |
| રજકાનું બી | ૪૧૫૦ | ૫૫૦૦ |
| ગુવારનું બી | ૮૫૦ | ૯૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૫૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૦૦૦ |
| તરબુચ | ૪૦ | ૧૩૦ |
| બટેટા | ૨૦૦ | ૩૫૧ |

| | | |
|---|---|---|
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૩૦ |
| ટમેટા | ૩૧૦ | ૫૯૦ |
| સુરણ | ૧૪૨૦ | ૨૦૩૦ |
| કોથમરી | ૫૦૦ | ૧૦૦૦ |
| મુળા | ૨૪૦ | ૩૯૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૨૪૦ |
| ફલાવર | ૪૮૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૮૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ટીંડોરા | ૩૮૦ | ૧૦૪૦ |
| દુધી | ૯૦ | ૨૧૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૨૪૦ | ૯૭૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૫૫૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૨૬૦ | ૪૩૦ |
| બીટ | ૩૬૦ | ૪૫૦ |
| મેથી | ૧૮૦૦ | ૨૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૫૦૦ | ૧૯૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૧૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૩૦ | ૧૦૬૨ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૧૩૦ |
| શિંગ દાણા | ૧૨૭૦ | ૧૬૫૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૫૨૬ |
| તલ સફેદ | ૧૦૮૦ | ૨૦૯૦ |
| તલ કાળા | ૨૩૪૦ | ૩૨૯૦ |
| તલ કાશ્મીરી | ૧૬૫૦ | ૨૧૯૦ |
| બાજરો | ૪૦૫ | ૫૧૫ |
| જુવાર | ૫૫૦ | ૬૧૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૬ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૪૦ |
| મગ | ૧૦૦૦ | ૧૩૨૦ |
| અડદ | ૧૨૯૮ | ૧૨૯૮ |
| ચણા | ૭૪૫ | ૧૦૭૧ |
| સફેદ ચણા | ૧૦૩૦ | ૧૦૫૨ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૩૧ |
| કપાસ | ૮૯૮ | ૧૬૨૪ |
| એરંડા | ૧૦૯૭ | ૧૨૬૨ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૭૫૦ |


| | | |
|---|---|---|
| રાયડો | ૧૦૫૨ | ૧૦૫૨ |
| રાય | ૧૧૨૫ | ૧૧૫૫ |
| ધાણી | ૯૯૦ | ૧૨૭૨ |
| સોયાબીન | ૭૯૨ | ૮૦૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૭૦૦ |
| ફલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શકકરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ટમેટાં | ૫૫૦ | ૭૦૦ |
| સુરણ | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ગાજર | ૭૫૦ | ૮૦૦ |
| દુધી | ૬૦ | ૧૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૫૦ |
| કાકડી | ૩૦૦ | ૪૩૦ |
| ગુવાર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| વટાણાં | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલાં | ૧૦૫૦ | ૧૨૨૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કાચી કેરી | ૧૦૫૦ | ૧૬૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૦૦ |
| આદુ | ૭૩૦ | ૮૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૫૫૦ | ૧૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૧૦૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| લીબું | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૬ |
| મગફળી જીણી | ૮૫૬ | ૧૫૦૧ |
| સિંગદાણા જાડા | ૧૨૦૧ | ૧૬૦૧ |
| સિંગ ફાડીયા | ૯૫૧ | ૧૩૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૧ | ૧૩૧૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૯૧૧ |

| | | |
|---|---|---|
| કલંજી | ૧૦૦૦ | ૩૯૫૧ |
| વરીયાળી | ૮૪૧ | ૮૪૧ |
| ધાણા | ૮૦૧ | ૧૪૦૧ |
| લસણ સુકું | ૬૦૧ | ૧૩૬૧ |
| ડુંગળી લાલ | ૮૧ | ૨૭૬ |
| અડદ | ૯૦૧ | ૧૩૬૧ |
| મઠ | ૩૫૧ | ૪૫૧ |
| સુવાદાણા | ૮૬૧ | ૮૬૧ |
| કાંગ | ૩૦૧ | ૫૫૧ |
| સુરજમુખી | ૯૯૧ | ૧૨૦૧ |
| મરચા | ૩૦૧ | ૫૫૧ |
| મગફળી જાડી | ૭૪૬ | ૧૬૧૧ |
| સફેદ ચણા | ૧૦૮૬ | ૧૯૦૧ |
| મગફળી નવી | ૮૭૧ | ૧૪૦૧ |
| તલ - તલી | ૧૩૫૧ | ૨૧૩૧ |
| ઇસબગુલ | ૧૬૭૧ | ૧૬૭૧ |
| ધાણી | ૯૦૧ | ૧૪૪૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૨૪૮ |
| બાજરો | ૨૫૧ | ૪૭૧ |
| જુવાર | ૩૦૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૫૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૦૧ |
| વાલ | ૫૦૧ | ૮૦૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૩૯૧ |
| સોયાબીન | ૭૧૧ | ૮૮૧ |
| કળથી | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ગોગળી | ૭૪૧ | ૧૦૧૧ |
| વટાણા | ૮૪૧ | ૮૪૧ |
| **ધારી** | | |
| મગફળી | ૯૦૦ | ૧૦૦૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૦૦ |
| ચણા | ૧૦૬૪ | ૧૦૬૪ |
| તલ કાળા | ૨૮૮૦ | ૨૮૮૦ |
| તલ સફેદ | ૧૩૦૫ | ૧૩૪૯ |
| મગ | ૧૧૫૫ | ૧૧૮૦ |
| શીંગ ફાડા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ધાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |
| સોયાબીન | ૭૪૫ | ૭૪૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૪૯૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૧૫ | ૧૦૬૬ |
| તુવેર | ૧૦૭૦ | ૧૧૬૫ |
| શીંગફાડા | ૧૩૦૦ | ૧૪૪૦ |
| મગફળી | ૯૦૦ | ૯૦૦ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૧૧૫૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૬૮૦ | ૮૧૮ |
| બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૨૪૦ |
| અડદ | ૧૩૨૦ | ૧૩૨૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૨૦ |
| તલ કાળા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૫૪૫ | ૧૬૦૨ |
| કપાસ મીડીયમ | ૧૪૦૦ | ૧૫૪૦ |
| મગફળી | ૯૫૫ | ૧૦૫૫ |
| તલ કાળા | ૨૭૩૦ | ૩૧૦૦ |
| ચણા | ૧૦૫૫ | ૧૦૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૮૦ | ૧૨૨૫ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૧૫ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૨૧ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૦૦૦ |
| જીરૂ | --- | ૩૪૫૧ |
| કપાસ | ૧૩૬૦ | ૧૫૮૦ |
| ઘઉ લોકવન | ૪૦૦ | ૪૯૦ |
| બાજરો | ૩૩૦ | ૪૭૫ |
| મગ | ૧૨૩૦ | ૧૩૭૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૨૫૮ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૦૦ |
| મેથી | ૮૪૦ | --- |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૨૫ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૧૮૧ | ૧૧૮૧ |
| કપાસ | ૧૨૦૧ | ૧૫૩૬ |
| બાજરો | ૨૫૧ | ૩૭૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૦૦ |
| જુવાર | ૪૦૧ | ૭૭૯ |
| મગ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૯૫૦ | ૧૦૫૨ |
| શીંગ જી-૨૦ | ૯૮૫ | ૧૦૮૫ |
| એરંડા | ૮૦૦ | ૧૨૬૨ |
| જુવાર | ૩૭૫ | ૬૮૧ |
| બાજરી | ૩૬૨ | ૩૯૩ |
| ઘઉં ટુકડા | ૪૭૬ | ૪૭૬ |
| મગ | ૧૨૦૦ | ૧૩૫૧ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૦૪૨ | ૧૦૪૨ |
| તલ સફેદ | ૯૧૦ | ૧૮૮૦ |
| તલ કાળા | ૧૮૨૫ | ૨૯૫૦ |
| ડુંગળી લાલ | ૫૦ | ૨૮૨ |
| નાળીયેર | ૫૮૦ | ૨૬૦૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૯૧ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૧ |
| મગ | ૯૦૦ | ૧૨૯૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| તુવેર | ૯૦૦ | ૧૧૭૬ |
| મગફળી | ૭૦૦ | ૯૪૬ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૮૯૬ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૧૧ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૮૦૧ |
| સોયાબીન | ૭૦૦ | ૭૯૧ |
| **જામનગર** | | |
| જુવાર | ૩૦૦ | ૭૧૫ |
| બાજરો | ૩૦૦ | ૪૮૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૨૯ |
| મગ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| અડદ | ૧૦૬૦ | ૧૩૪૫ |
| તુવેર | ૭૫૦ | ૧૧૪૫ |
| ચોળી | ૧૧૦૦ | ૧૪૪૫ |
| વાલ | ૭૦૦ | ૧૧૨૫ |
| મેથી | ૭૦૦ | ૧૦૦૩ |
| ચણા | ૯૫૦ | ૧૦૮૯ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૬૫ |
| તલ | ૧૫૦૦ | ૨૦૧૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૦૭૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૫૭ |
| રાઈ | ૧૧૦૦ | ૧૩૦૦ |
| લસણ | ૫૦૦ | ૧૨૨૦ |
| કપાસ | ૯૫૦ | ૧૫૪૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૮૭૫ |
| અજમો | ૧૦૦૦ | ૨૪૪૫ |
| ધાણા | ૯૦૦ | ૧૨૬૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ડુંગળી સૂકી | ૫૫ | ૩૬૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૨૦ |
| વટાણા | ૩૦૦ | ૫૬૦ |
| કલોંજી | ૨૫૦૦ | ૩૪૦૦ |

## શબ્દ સંજોગ-૨૦૧૯



**આડી ચાવી :**
(૧) જમણ (૩)
(૩) સોળમાંનો એક સંસ્કાર (૫)
(૬) લંબાઈ ભરવાનું ચોવીસ તસુનું માપ (૨)
(૮) સોના કે ચાંદીનું સાવ પાતળું પતરૂં (૩)
(૯) એક પક્ષી (૨)
(૧૧) દેવોનો લોક (૨)
(૧૨) સમજ, અટકળ (૨)
(૧૩) તો પણ (૨)
(૧૪) .... ગયું ને જ્યોતિ પ્રકાશ્યો (૩)
(૧૭) તાબે, શરણે (૨)
(૧૯) લગની, વ્યસન (૨)
(૨૦) પહોર-પહોરને આંતરે ઘડિયાળમાં વગાડવામાં આવે છે તે (૩)
(૨૨) ધૂળનો કણ (૨)
(૨૪) અંગ્રેજી 'નસીબ' (૨)
(૨૬) મોટું કે વહાલું માણસ (લોકગીતમાં) (૪)
(૨૮) અભિમાન (૪)
(૩૦) દૂધી (૨)
(૩૧) વહેતા પાણીમાં થતું કુંડાળું (૩)
(૩૨) ખેતરમાં ઊગેલું નકામું ઘાસ (૨)

**ઉભી ચાવી :**
(૧) કયાં રાજા .... ને કયાં ગાંગો તેલી (૨)
(૨) શહેર (૩)
(૪) .... વગરનો સંબંધ શું કામનો ? (૪)
(૫) લગામ, કિરણ (૨)
(૭) માછલી (૨)
(૮) કોટિ, કક્ષા (૨)
(૧૦) જૈન ધર્મનો એ નામનો સંપ્રદાય (૪)
(૧૧) કુદરતથી જ મળેલો ગુણ (૩)
(૧૨) હથેળી (૪)
(૧૫) યંત્રથી ચાલતું કારખાનું (૨)
(૧૬) માઠી દશા, બલિદાન (૨)
(૧૮) એક વાઘ (૪)
(૨૧) એક ફળ (૪)
(૨૩) વૃધ્ધાવસ્થા (૨)
(૨૫) એક ફુલ (૩)
(૨૬) ગુરૂજનો અને વડીલોને આપવું જોઈએ (૨)
(૨૭) એક ધાન્ય (૨)
(૨૯) કાચું ભરતનું લોઢું (૨)

## શબ્દ સંજોગ-૨૦૧૮ જવાબ

**આડી ચાવી:** (૧) મુખે (૩) દાનત (૫) અર (૭) સલગમ (૯) રંગરેજ (૧૧) અગર (૧૨) ઘડો (૧૩) મુંજ (૧૫) હામ (૧૬) કબાટ (૧૮) રાસ (૨૦) જણસ (૨૨) બનવા (૨૪) મર્ત્ય (૨૫) રવાલ (૨૬) વય (૨૭) ફણસ (૨૮) દુર્ગ (૨૯) કાળ (૩૦) સત્ર.

**ઉભી ચાવી :** (૧) મુસળ (૨)ખેલ (૩) દામ (૪) તરંગ (૫) અરે (૬) રજક (૮) ગધેડો (૧૦) ગરમું (૧૧) અસબાબ (૧૨) ધમણ (૧૪) જરા (૧૫) હાજત (૧૭) ટન (૧૯) સવાલપત્ર (૨૧) સમય (૨૩) વારસ (૨૬) વર્ગ (૨૭) ફળ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ઊના બાયપાસ પર લામધાર પાટિયા પાસે આવેલા જોખમી વળાંક પર લોખંડની ગ્રિલની માગ ઉઠી

**સલામતી માટે ચિહ્નો અને લાઈટિંગની પણ જરૂરિયાત**



ઉના,તા.૧૬

ઊના નેશનલ હાઈવે બાયપાસ બનવાથી શહેરના વાહનવ્યવહારમાં હાશકારો થયો છે. શહેરની બહારથી આવતા લોકોને કેટલાક જોખમી વળાંકોથી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને લામધાર પાટિયા પાસે આવેલ વળાંક ખૂબ જ જોખમભર્યો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. રાત્રિ સમયે અથવા અજાણ્યા વાહનચાલકો માટે અહીંની અવાવરૂં જગ્યાઓ જોખમ ઉભું કરી શકે છે. જો ઉના તરફ જતા રસ્તા પર લોખંડની ગ્રિલ અથવા સુરક્ષા માટે અવરોધક વ્યવસ્થા ઊભી કરવામાં આવે, તો આ વિસ્તારમાં અકસ્માતની શક્યતાઓ ઘટી શકે છે. સ્થાનિક લોકો અને વાહનચાલકો તરફથી તંત્ર સમક્ષ દરખાસ્ત રજૂઆત કરવામાં આવી છે કે આ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા સુદૃઢ કરવામાં આવે. સલામતી માટે ચિહ્નો અને લાઈટિંગની પણ જરૂરિયાત જણાઈ રહી છે. લોકો તંત્ર પાસે તાત્કાલિક પગલાં લેવાની માગ કરી રહ્યા છે.

# કોડીનાર-ઉના હાઈવે પર ડિમોલિશન મુદ્દે ખેડૂતોમાં રોષની લાગણી, તણાવપૂર્ણ બેઠક

કોડીનાર,તા.૧૬

કોડીનાર-ઉના નેશનલ હાઈવે પર ચાલી રહેલા ડિમોલિશન મુદ્દે દેવળી ગામના ખેડૂતો અને નેશનલ હાઈવે ઓથોરિટી વચ્ચે આજે કોડીનાર મામલતદાર કચેરી ખાતે યોજાયેલી બેઠક તણાવપૂર્ણ રહી હતી. ખેડૂતોએ વર્ષ ૨૦૨૧માં થયેલી સમજૂતી મુજબ હજુ સુધી યોગ્ય વળતર ન મળ્યાનો આક્ષેપ કર્યો. અમુકને વળતર મળ્યું ન હોવાને કારણે ભારે રોષ ફાટી નીકળ્યો હતો. વરસાદી પાણીના યોગ્ય નિકાલના અભાવે પાકને થયેલા નુકસાન અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી. ઉના પ્રાંત અધિકારી કે.આર. પરમાર સહિત અધિકારીઓએ સમજૂતી આપી કે કામગીરી કોર્ટના આદેશ મુજબ જ કરવામાં આવે છે. પરંતુ બેઠક દરમિયાન અધિકારીઓ તરફથી કોઈ સ્પષ્ટ અથવા સંતોષકારક જવાબ ન મળતા ખેડૂતોમાં નારાજગી વધી છે. ખેડૂતોએ તાત્કાલિક ડિમોલિશન કામગીરી રોકવાની માંગ કરી હતી. તેમનું કહેવું છે કે, જો યોગ્ય વળતર અને વ્યવસ્થાઓ વગર બળજબરી કરાશે તો તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે. વિવાદિત સ્થિતિને ધ્યાનમાં રાખીને, તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવો જરૂરી છે, નહીંતર આ વિવાદ વધુ ઊંડો થવાની શક્યતા છે.



તસવીર : કુલદીપ પાઠક

# કોડીનારના ડોળાસામાં સવા ઈંચ વરસાદથી ખેડૂતોમાં રાહતની લાગણી છવાઈ

ડોળાસા,તા.૧૬



તસવીર : અનીલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસા વિસ્તારમાં સોમવારે વહેલી સવારથી બપોરના ત્રણ વાગ્યા સુધી ધીમી ધારે વરસાદ ચાલુ રહેતા લોકોને અસહ્ય બફારાથી રાહત મળી છે. ડોળાસાની બજારમાં પાણીનો ભરાવો થયો હતો. વહેલી સવારના ચાર વાગ્યાથી ધીમી ધારે વરસાદ ચાલુ થયો હતો, જે સાંજના ત્રણ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો. આ દરમ્યાન ૩૦ મી.મી. વરસાદ નોંધાયો છે. ડોળાસા વિસ્તારના અનેક ખેડૂતોએ માવઠાના પાંચ ઈંચ વરસાદમાં મગફળીનું વાવેતર કરી દીધું હતું. સમયસર વરસાદ આવી જતાં મગફળીના પાકને જીવતદાન મળ્યું છે. ખેડૂતો ધોધમાર વરસાદની રાહ જુવે છે.

# ભાજપ અને કોંગ્રેસ એક સિક્કાની બે બાજુ, બંને વચ્ચે સાઠગાંઠ : કેજરીવાલ

જૂનાગઢ, તા.૧૬



આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાતની વિસાવદર વિધાનસભા બેઠક પર યોજાઈ રહેલી પેટાચૂંટણીમાં પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલિયાના સમર્થનમાં એક વિશાળ જાહેરસભાને સંબોધિત કરી હતી. કાલસારી ગામમાં આયોજિત સભામાં એકત્ર થયેલ વિશાળ જનમેદનીને સંબોધતા અરવિંદ કેજરીવાલે કહ્યું કે વિસાવદરના લોકો આમ આદમી પાર્ટીને જીતાડીને ભાજપને પાઠ ભણાવશે. ૨૦ વર્ષથી વિસાવદરના લોકોએ ભાજપને તક આપી નથી, આ વખતે પણ નહીં આપે. તેમણે કહ્યું કે કોંગ્રેસને મત આપવાનો કોઈ ફાયદો નથી. કોંગ્રેસ ભાજપના ખોળામાં બેઠી છે. આ દરમિયાન ગુજરાતના પ્રભારી ગોપાલ રાય, ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી અને અન્ય મોટા નેતાઓ હાજર હતા.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે ૧૯ જૂને ચૂંટણી છે. બે-ત્રણ દિવસ બાકી છે. હું દિલ્હીથી વિસાવદરના લોકોને સલામ કરવા આવ્યો છું. વિસાવદરના લોકો લડવૈયા છે. છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતમાં ભાજપની સરકાર છે પરંતુ છેલ્લા ૨૦ વર્ષથી વિસાવદરમાં ભાજપનો કોઈ ધારાસભ્ય નથી. છેલ્લા ૨૦ વર્ષથી વિસાવદરના લોકોએ સમગ્ર વ્યવસ્થા, પુષ્કળ પૈસા અને ભાજપની શક્તિનો વિરોધ કર્યો છે. આ કોઈ નાની વાત નથી.

# ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવી


રાજકોટ, તા.૧૬



શ્રી ખોડલધામ ટ્રસ્ટ - કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલે અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામનાર પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમના નિધનને પગલે આજે રાજય સરકાર દ્વારા રાજકીય શોકદિવસ જાહેર કરવામાં આવ્યો છે. ત્યારે રાજકોટ સ્થિત શ્રી ખોડલધામ મંદિરે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો. શ્રી ખોડલધામ મંદિરના ચેરમેન નરેશભાઈ પટેલ અને સમગ્ર ખોડલધામ ટ્રસ્ટ સ્વયંસેવકોએ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર તમામ દિવંગતોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# જસદણના જાણીતા કથાકાર મહેશ વ્યાસનું બાઈક સ્લીપ થતાં કરુણ નિધન

જસદણ,તા.૧૬



જસદણના આટકોટ રોડ પર આવેલી શિવશક્તિ સોસાયટીમાં રહેતા અને સેવાભાવી વ્યક્તિત્વ ધરાવતા જાણીતા કથાકાર મહેશભાઈ માનવંતરાય વ્યાસ (ઉ.વ. ૬૦)નું ગત રાત્રિના અકસ્માતમાં કરુણ નિધન થયું છે. તેમના અવસાનથી જસદણ પંથકમાં શોકની ગહેરી લાગણી પ્રસરી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેશભાઈ વ્યાસ ગત રાત્રિના વાકિયા ગામેથી પોતાના બાઈક પર જસદણ પરત ફરી રહ્યા હતા. ત્યારે અચાનક કલોરાણા ગામના પાટિયા પાસે તેમનું બાઈક સ્લીપ થઈ ગયું, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઘટના સ્થળે જ તેમનું મોત નિપજ્યું હતું. આ અંગે કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં તેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના અવસાનના સમાચાર મળતા જ કાળો કલ્પાંત સર્જાયો હતો. મૃતક મહેશભાઈ વ્યાસ વ્યવસાયે શિક્ષક હતા અને એક સારા કથાકાર તરીકે પણ તેમણે ભારે લોકપ્રિયતા મેળવી હતી. તેમના નિધનથી જસદણ શહેરમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે અને સમાજના વિવિધ ક્ષેત્રોમાંથી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે.

# કોડીનારના મોટી ફાફણી ગામે તુલજા ભવાની માતાના મંદિરે પ્રથમ પાટોત્સવ ઉજવાશે

**વૈષ્ણવ કથાકાર આનંદભાઈ પેરાણી વ્યાસપીઠ સંભાળશે**




કોડીનાર,તા.૧૬

કોડીનાર તાલુકાના મોટી ફાફણી ગામે સ્થિત તન્ના પરિવારના કુળદેવી તુલજા ભવાની માતાજીના ભવ્ય મંદિરે તા. ૨૦ જૂન, ૨૦૨૫ (જેઠ વદ નોમ, શુક્રવાર) ના રોજ પ્રથમ પાટોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવશે. આ નિમિત્તે તન્ના પરિવાર દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષે મોટી ફાફણી ગામે તુલજા ભવાની માતાજીનું ભવ્ય મંદિર નિર્માણ પામ્યું હતું. તેના પ્રથમ પાટોત્સવ નિમિત્તે આ વર્ષે મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ યજ્ઞના આચાર્યપદે વૈષ્ણવ કથાકાર અને લોહાણા સારસ્વત ગોર શાસ્ત્રી આનંદભાઈ પેરાણી અને મેહુલભાઈ પેરાણી વ્યાસપીઠ સંભાળશે. તન્ના પરિવારના યજમાનપદે યોજાઈ રહેલા આ ધાર્મિક કાર્યક્રમમાં તમામ તન્ના પરિવારોને ઉપસ્થિત રહેવા માટે એક યાદી દ્વારા જણાવાયું છે.

# ધોરાજી તાલુકાના છાડવાવદર ગામે બે ઈંચ વરસાદ સાથે વીજળી પડતા બે પશુઓના મોત

ધોરાજી, તા. ૧૬



ધોરાજીમાં સતત બીજા દિવસે મેઘરાજાનું આગમન થયું હતું. તાલુકાના છાડવાવદર ગામે બે ઈંચ વરસાદ સાથે વીજળી પડતા બે પશુઓના મોત થયા હતા.

વીજળીના કડાકા-ભડાકા સાથે મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. સતત બીજા દિવસે મેઘરાજાની પધરામણી થતા જગતનો તાત ખુશખુશાલ થયો હતો. કપાસ, મગફળી જેવા આગોતરા પાકને લાભ થશે. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. ધોરાજી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રામભાઈ હેરભાએ જણાવ્યું કે, ધોરાજી તાલુકાના છાડવાવદર ગામે બે ઈંચ વરસાદ સાથે વીજળી પડતા પરબતભાઈ દામજીભાઈ ડાભી ભરવાડ ગામ છાડવાવદર વાળાના એક બળદ અને એક ભેંસના વીજળી પડવાથી મોત થયા છે.

# અમદાવાદમાં બાઢડા પટેલ યુવક મંડળનો ૨૫મો સ્નેહમિલન સમારોહ યોજાયો




અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામના પટેલ યુવક મંડળનો ૨૫મો સ્નેહમિલન અને ઈનામ વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગામલોકો ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનારના ડોળાસા ગામે અમદાવાદ વિમાન દુર્ઘટનાના મૃતકો માટે પ્રાર્થનાસભા યોજાઈ

કોડીનાર,તા.૧૬



તસવીર : અનીલ કાનાબર

અમદાવાદ ખાતે તાજેતરમાં સર્જાયેલી કરુણ વિમાન દુર્ઘટનામાં અવસાન પામેલા લોકોના આત્માની શાંતિ અર્થે કોડીનાર તાલુકાના ડોળાસા ગામે એક પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડોળાસાના ગોંદરા ચોક કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલી આ પ્રાર્થનાસભામાં ડોળાસા વેપારી મંડળના પ્રમુખ પ્રતાપભાઈ મોરીના અધ્યક્ષસ્થાને ગામ સમસ્તના અનેક વેપારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે મળીને દુર્ઘટનાના ભોગ બનેલા દિવંગતોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# ધોરાજી સ્વામિનારાયણ મંદિર કડીયાવાડ દ્વારા પ્લેન દુર્ઘટનામાં મૃતકોને શ્રદ્ધાંજલિ

**મોહનપ્રસાદ સ્વામી, ભક્તિ સ્વામી અને બાલકૃષ્ણ સ્વામી સહિત સંતો દ્વારા ધૂન-કીર્તન કરાવવામાં આવ્યા**



ધોરાજી,તા.૧૬

ધોરાજી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિર કડીયાવાડ ખાતે પ્લેન દુર્ઘટનામાં અવસાન પામેલા સદ્ગત આત્માઓને શ્રદ્ધાંજલિ આપવા માટે શોકસભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. મોહનપ્રસાદ સ્વામી, ભક્તિ સ્વામી અને બાલકૃષ્ણ સ્વામી સહિત સંતો દ્વારા ધૂન-કીર્તન કરાવવામાં આવ્યા તથા મૃતકોના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારોને દુઃખ સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. તુલસી ચેરિટેબલ ટ્રસ્ટ, કડીયાવાડ ગ્રુપ, વિશ્વ હિન્દુ પરિષદ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો સહિત હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ શ્રદ્ધાંજલિ આપી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા અને દુઃખી પરિવારો સાથે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

# જસદણમાં લોહાણા સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો

**૮૨ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને મોમેન્ટો આપીને સન્માનિત કર્યા**




જસદણ,તા.૧૬

જસદણમાં લોહાણા સમાજ દ્વારા હોટેલ પ્રાઈમ ખાતે વિદ્યાર્થી સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લોહાણા સમાજના નર્સરીથી ધોરણ-૧૨ સુધીના કુલ ૮૨ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને મોમેન્ટો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન સમારોહમાં જસદણ લોહાણા સમાજના પ્રમુખ વિજયભાઈ પોપટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે પ્રકાશભાઈ જસાણી, રાજુભાઈ મણીયાર, વિપુલભાઈ વસંત, આશિષભાઈ સોમૈયા જેવા સમાજના અગ્રણી આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો પણ હાજર રહ્યા હતા, જેમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમના અંતે સમૂહ ભોજન-પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મયંકભાઈ પોપટ દ્વારા કરવામાં આવ્યું હતું.

# વરસાદને કારણે ચારધામ યાત્રાનો પગપાળા માર્ગપણઆગામીઆદેશસુધીસ્થગિત!

(એચ.એસ.એલ),દહેરાદુન,તા.૧૬

ઉત્તરાખંડની પ્રખ્યાત ચારધામ યાત્રા ફરી એકવાર કુદરતના પ્રકોપની ઝપેટમાં આવી ગઈ છે. ૧૪ જૂને મોડી રાત્રે શરૂ થયેલા મુશળધાર વરસાદને કારણે કેદારનાથ ધામ યાત્રા પર ખરાબ અસર પડી છે. જંગલચટ્ટી નજીક એક નાની નદીના પાણીના સ્તરમાં અચાનક વધારો થવાને કારણે ભારે કાટમાળ અને પથ્થર પડવાથી કેદારનાથ તરફ જતો




રસ્તો સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. રુદ્રપ્રયાગ પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, જંગલચટ્ટી વિસ્તારમાં ઘાટ (નાની નદી) ના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે રસ્તા પર મોટી માત્રામાં કાટમાળ અને ખડકો પડ્યા છે.

રુદ્રપ્રયાગ પોલીસે જણાવ્યું હતું કે, જંગલચટ્ટી નજીક ઘાટમાં કાટમાળ અને પથ્થરો પડવાથી કેદારનાથ ધામ તરફ જતો રસ્તો ક્ષતિગ્રસ્ત થયો છે. આ કારણે, સોનપ્રયાગથી કેદારનાથ ધામ તરફ જતો રસ્તો આગામી આદેશ સુધી સ્થગિત કરવામાં આવ્યો છે. પોલીસે એ પણ ખાતરી આપી છે કે રસ્તો ક્ષતિગ્રસ્ત થયા પહેલા કેદારનાથ ધામ જવા રવાના થયેલા ભક્તો માટે અસરકારક સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

# સાયપ્રસના સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ મેકરિયોસ-૩થી વડાપ્રધાનનું સન્માન

નવીદિલ્હી,તા.૧૬

સાયપ્રસની ભૂમિ પરથી, પીએમ મોદીએ ફરી એકવાર વિશ્વને ભારતની વધતી શક્તિનો અહેસાસ કરાવ્યો છે. સાયપ્રસના લિમાસોલ શહેરમાં એક બિઝનેસ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારત ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. તમને જણાવી દઈએ કે આ કોન્ફરન્સનું આયોજન સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સની હાજરીમાં કરવામાં આવ્યું હતું. આ દરમિયાન સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટોડોલિડ્સે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સાયપ્રસના સર્વોચ્ચ સન્માન ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ ઓર્ડર ઓફ મેકરિયોસ-૩ થી સન્માનિત કર્યા. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ૨૦૧૪ થી ૨૩ દેશોના સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય સન્માનો પ્રાપ્ત થયા



છે. આ સન્માનો તેમના કાર્યક્ષમ નેતૃત્વ, વૈશ્વિક રાજદ્વારીમાં યોગદાન અને આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રતિબિંબિત કરે છે. આ સન્માનો ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠા અને વડાપ્રધાન મોદીની અસરકારક વિદેશ નીતિનો પણ પુરાવો છે. પ્રધાનમંત્રી મોદીએ છેલ્લા દાયકામાં ભારતની આર્થિક પ્રગતિ પર ભાર મૂક્યો અને કહ્યું કે નીતિ-નિર્માણમાં સ્થિરતા, વ્યવસાયિક વાતાવરણમાં સુધારો, ડિજિટલ ક્રાંતિ અને આગામી પેઢીના સુધારાઓએ ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા બનાવી છે.

# તૃણમૂલ કોંગ્રેસે વિદેશમાં કેન્દ્ર સરકારને સાથ આપ્યો : દેશમાં કરશે વિરોધ

(એચ.એસ.એલ),કોલકતા,તા.૧૬

તૃણમૂલ કોંગ્રેસે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલા અંગે ૫ પ્રશ્નો ઉઠાવ્યા છે અને કેન્દ્રને પૂછ્યું છે કે ઘટનાના ૫૫ દિવસ પછી પણ આતંકવાદીઓ કેમ પકડાયા નથી? ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જીએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે રાષ્ટ્રીય સુરક્ષામાં આ મોટા ભંગ માટે જવાબદારી ક્યાં છે? એટલું જ નહીં, તેમણે ભારત દ્વારા ૩૩ દેશોમાં મોકલવામાં આવેલા પ્રતિનિધિમંડળને કેટલા દેશોએ ટેકો આપ્યો છે તે અંગે પણ પ્રશ્નો પૂછ્યા છે. વાસ્તવમાં, અભિષેક બેનર્જી પણ વિશ્વમાં પાકિસ્તાનને બેનકાબ કરવા માટે મોકલવામાં આવેલા પ્રતિનિધિમંડળનો ભાગ હતા. યુસુફ પઠાણના સ્થાને JDUના સંજય કુમાર ઝાના નેતૃત્વ હેઠળના બહુપક્ષીય જૂથમાં અભિષેક બેનર્જીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પ્રતિનિધિમંડળ ઈન્ડોનેશિયા, મલેશિયા, દક્ષિણ કોરિયા, જાપાન અને સિંગાપોર ગયું હતું. બેનર્જી પણ આ પ્રતિનિધિમંડળ સાથે હતા.

# યુપીના મથુરામાં એક સાથે છ ઘર ધરાશાયી થતા ત્રણ લોકોના મોત

(એચ.એસ.એલ),મથુરા,તા.૧૬

યુપીના મથુરા જિલ્લામાં માટીના ઢગલા નીચે દટાઈ જવાથી ત્રણ લોકોના મોત થયા. આ સમગ્ર મામલો ગોવિંદ નગર પોલીસ સ્ટેશન વિસ્તારના કચ્છી સડક વિસ્તારનો હોવાનું જણાવાઈ રહ્યું છે. અહીં ટેકરા પર બનેલી એક બહુમાળી ઈમારત ધરાશાયી થવાને કારણે તૂટી પડી આમાં બે છોકરીઓ સહિત ત્રણ લોકોના



મોત થયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાટમાળમાંથી બહાર કાઢ્યા બાદ અત્યાર સુધીમાં ત્રણ મૃતદેહોની ઓળખ થઈ ગઈ છે. મૃતકોમાં તોતારામ (૩૮) અને બે બહેનો યશોદા (૬) અને કાવ્યા (૩)નો સમાવેશ થાય છે જેમને ડોક્ટરોએ મૃત જાહેર કર્યા છે. આ કેસની માહિતી આપતાં, એસએસપી શ્લોક કુમારે જણાવ્યું હતું કે ગોવિંદ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આ અકસ્માત ત્યારે થયો હતો જ્યારે એક વ્યક્તિ કાચી સડક વિસ્તારમાં એક ટેકરા પર બનેલા ખાનગી બહુમાળી મકાનને જેસીબી વડે સમતળ કરી રહ્યો હતો. આ દરમિયાન, અન્ય ઘરો નીચેથી પણ માટી સરકવા લાગી જેથી ઘટના બની હતી.

# યુપીમાં પહેલી વાર ઈસરોએ પેલોડ સાથે રોકેટ લોન્ચનું સફળ પરીક્ષણ કર્યું

કુશીનગર,તા.૧૬

યુપીના કુશીનગર જિલ્લામાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં એસ્ટ્રોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા ઈસરો અને ઈન-સ્પેસના સહયોગથી રોકેટ લોન્ચનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું. આમાં ખાસ વાત એ હતી કે આ રોકેટ સાથે એક પેલોડ પણ મોકલવામાં આવ્યો હતો. આ પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયું. આ મોડેલ રોકેટ શનિવારે સાંજે ૫:૧૪ વાગ્યે લોન્ચ કરવામાં આવ્યું હતું, જે ૧.૧૧ કિમીની ઊંચાઈએ પહોંચ્યું હતું. આ કાર્યક્રમ સમગ્ર પ્રદેશ અને સમગ્ર દેશના બાળકોમાં અવકાશ ટેકનોલોજીમાં રસ પેદા કરવા માટે આયોજિત કરવામાં આવી રહ્યો છે.

હકીકતમાં, યુપીના કુશીનગર જિલ્લામાં એક સફળ મોડેલ રોકેટ લોન્ચ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પહેલી વાર છે જ્યારે રાજ્યમાંથી રોકેટ દ્વારા પેલોડ લોન્ચ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ આ અંગે માહિતી આપી.

# ગોવા-કર્ણાટક અને કેરળમાં ભારે વરસાદની ચેતવણી, રેડ એલર્ટ જાહેર

નવીદિલ્હી,તા.૧૬

હવામાન વિભાગે ગોવા, કેરળ અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં રેડ એલર્ટ જારી કર્યું છે. આ વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે. લોકોને આ માટે તૈયાર રહેવા કહેવામાં આવ્યું છે. તે જ સમયે, છત્તીસગઢ અને ઓડિશામાં હળવા વરસાદ સાથે ભારે પવન ફૂંકાય




તેવી શક્યતા છે. અહીં ગાજવીજ સાથે વીજળી પડવાની શક્યતા છે. આવી સ્થિતિમાં, લોકોને વરસાદ દરમિયાન મોટા ઝાડ નીચે ન રોકાવાની સલાહ આપવામાં આવી છે. ઉત્તરાખંડમાં આગામી એક અઠવાડિયા સુધી ભારે વરસાદ ચાલુ રહેવાની પણ શક્યતા છે. આને ધ્યાનમાં રાખીને, રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કેરળના મોટાભાગના જિલ્લાઓમાં રવિવારથી મુશળધાર વરસાદ પડી રહ્યો છે. ભારતીય હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજ્યમાં ૧૮ જૂન સુધી ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેશે. સોમવારે, પાંચ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

# ઈરાનમાં ઈઝરાયલી હુમલામાં ૨ કાશ્મીરી વિદ્યાર્થીઓ ઘાયલ, દસ હજાર ભારતીયોને સુરક્ષિત બહાર કઢાશે

નવીદિલ્હી,તા.૧૬

ઈઝરાયલ અને ઈરાન વચ્ચેની લડાઈ રાતોરાત વધુ તીવ્ર બની ગઈ, કારણ કે બંને દેશો તેમના હુમલાઓ ચાલુ રાખે છે. બંને દેશોમાં નાગરિકોની હત્યાએ સમગ્ર વિશ્વ માટે ચિંતા ઉભી કરી છે કે જૂના દુશ્મનો વચ્ચે ચાલી રહેલી સૌથી મોટી લડાઈ હવે બીજા વ્યાપક પ્રાદેશિક સંઘર્ષ તરફ દોરી શકે છે. અહીં,



ઈરાને યુદ્ધવિરામનો ઈનકાર કર્યો છે, જેના પછી ઈઝરાયલે તેના હુમલાઓ વધુ તીવ્ર બનાવી દીધા છે. તેલ અવીવમાં સાયરન સતત ગુંજી રહ્યા છે. ઈઝરાયલ સાથેના યુદ્ધ દરમિયાન ઈરાનમાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવશે. આ માટે, ભારત સરકાર એક કામગીરી શરૂ કરવા જઈ રહી છે. ઈરાની સરકારે ભારતીયો સહિત વિદેશી નાગરિકોને સુરક્ષિત રીતે તેમના દેશમાં મોકલવા સંમતિ આપી છે. હાલમાં ઈરાનમાં ૧૦ હજાર ભારતીયો છે, જેમાંથી મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ છે, જેઓ ઈરાનની વિવિધ તબીબી અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરી રહ્યા હતા.

# કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીની તબિયત લથડી, ગંગારામ હોસ્પિટલમાં દાખલ

નવીદિલ્હી,તા.૧૬

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીની તબિયત લથડી છે. તેમને ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે સોનિયા ગાંધીની તબિયત ભૂતકાળમાં બગડી હતી અને તેમને શિમલાની ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જોકે, બાદમાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી



હતી. સર ગંગા રામ હોસ્પિટલે એક નિવેદન જારી કર્યું છે અને સોનિયાના સ્વાસ્થ્ય વિશે માહિતી આપી છે. હોસ્પિટલે કહ્યું, કોંગ્રેસ સંસદીય દળના પ્રમુખ સોનિયા ગાંધીને દિલ્હીની સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પેટ સંબંધિત સમસ્યાઓને કારણે તેમને ગેસ્ટ્રો વિભાગમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેઓ નિરીક્ષણ હેઠળ છે.' ૭ જૂને પણ સોનિયાની તબિયત બગડી હતી, ત્યારબાદ તેમને શિમલાની ઈન્દિરા ગાંધી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

# રૂ.૧૦૦કરોડનાખર્ચેમથુરાનો વિકાસ અયોધ્યાની જેમ થશે

મથુરા,તા.૧૬

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં અયોધ્યામાં રામ કી પૌડીની જેમ શ્રી કૃષ્ણ કી પૌડી બનાવવામાં આવશે. શ્રી કૃષ્ણ કી પૌડી વૃંદાવનમાં પ્રસ્તાવિત બાંકે બિહારી કોરિડોરની સામે બનાવવામાં આવશે, જેનો ખર્ચ ૧૦૦ કરોડ રૂપિયા થશે. યુપી બ્રજ તીર્થ વિકાસ પરિષદના પદાધિકારી મુખ્ય કાર્યકારી અધિકારી અને મથુરા-વૃંદાવન વિકાસ સત્તામંડળના ઉપપ્રમુખ શ્યામ બહાદુર સિંહે શનિવારે આ અંગે માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે પર્યટન વિભાગને આ માટે રકમ નક્કી કરવા અને તે મુજબ દરખાસ્ત મોકલવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. તમને જણાવી દઈએ કે અયોધ્યામાં સરયુ નદીના કિનારે આવેલા ઘાટોની શ્રેણીને રામ કી પૈડી કહેવામાં આવે છે, જે તેના ધાર્મિક મહત્વ માટે જાણીતી છે. શ્યામ બહાદુર સિંહે કહ્યું કે પરિક્રમા વિસ્તારમાં દોઢ કિમી લાંબા યમુના ઘાટોને પુનર્જીવિત કરવામાં આવશે.

# જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ પર સેનાનો સકંજો: ઠેર ઠેર તપાસ

(એચ.એસ.એલ),પૂંછ,તા.૧૬

પહેલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પછી, સુરક્ષા એજન્સીઓ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ અને તેમના સાથીઓ સામે સતત સકંજો કડક કરી રહી છે. આ કાર્યવાહીમાં, રવિવારે સુરક્ષા દળોએ પૂંછ જિલ્લામાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં છુપાયેલા આતંકવાદીઓ અને તેમના મદદગારોના ઠેકાણાઓ



પર દરોડા પાડ્યા હતા. જિલ્લાના મંડી તહસીલમાં નિયંત્રણ રેખાને અડીને આવેલા સાવજિયાન સેક્ટરમાં ૧૨ થી વધુ ઘરોની તપાસ કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીર પોલીસ, સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ અને અન્ય સુરક્ષા દળોએ આ સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

# શેરબજારમાં જોરદાર ઉછાળો, સેન્સેક્સ ૬૭૮ અને નિફ્ટી ૨૨૮ પોઈન્ટના વધારા સાથે બંધ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૬

સોમવારે, ભારતીય શેરબજાર મોટા વધારા સાથે બંધ થયું. સપ્તાહના પહેલા દિવસે,બીએસઈ સેન્સેક્સ ૬૭૭.૫૫ પોઈન્ટ (૦.૮૪%) ના વધારા સાથે ૮૧,૭૯૬.૧૫ પોઈન્ટ પર બંધ થયો. તેવી જ રીતે, એનએસઈ નિફ્ટી ૫૦ પણ ૨૨૭.૯૦ પોઈન્ટ (૦.૯૨%) ના વધારા સાથે ૨૪,૯૪૬.૫૦ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે




સોમવારે ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ અને વૈશ્વિક સંકેતો વચ્ચે બજારે લીલા નિશાન પર ટ્રેડિંગ શરૂ કર્યું હતું. સોમવારે, સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ૨૭ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાન પર બંધ થયા હતા, જ્યારે ૩ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ નિશાન પર બંધ થયા હતા. તેવી જ રીતે, નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી ૪૫ કંપનીઓના શેર વધારા સાથે લીલા નિશાન પર બંધ થયા હતા અને બાકીની ૫ કંપનીઓના શેર નુકસાન સાથે લાલ નિશાન પર બંધ થયા હતા. સેન્સેક્સ કંપનીઓમાં, અલ્ટ્રાટેક સિમેન્ટના શેર સૌથી વધુ ૨.૩૯ ટકાના વધારા સાથે બંધ થયા, જ્યારે ટાટા મોટર્સના શેર સૌથી વધુ ૩.૫૬ ટકાના ઘટાડા સાથે બંધ થયા.

# ભારત અને પાકિસ્તાન વચ્ચે મહિલા વનડે વર્લ્ડ કપની મેચ ૫ ઓક્ટોબરે કોલંબોમાં યોજાશે

નવીદિલ્હી,તા.૧૬

મહિલા વનડે વર્લ્ડ કપ ૨૦૨૫ ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થવા જઈ રહ્યો છે. આ વર્લ્ડ કપનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટનો પહેલો મુકાબલો ભારત અને શ્રીલંકાની મહિલા ટીમો વચ્ચે બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાશે. પરંતુ ચાહકો ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી હાઇ પ્રોફાઈલ મેચની રાહ જોઈ રહ્યા



છે. આ મેચ ૦૫ ઓક્ટોબરે શ્રીલંકાના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાશે. આ ઉપરાંત, ભારત ૨૬ ઓક્ટોબરે બાંગ્લાદેશ સાથે મેચ રમશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા ૦૧ ઓક્ટોબરે ન્યુઝીલેન્ડ સામેની મેચથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. આ મેચ ઈન્દોરના હોલકર સ્ટેડિયમમાં રમાશે. ત્યારબાદ, ઓસ્ટ્રેલિયાની ટીમ ૦૮ ઓક્ટોબરે કોલંબોમાં પાકિસ્તાન સામે પોતાની આગામી મેચ રમશે. તે જ સમયે, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ ૨૨ ઓક્ટોબરે ઈન્દોરમાં રમાશે. આઈસીસી મહિલા વનડે વર્લ્ડ કપ હાઈબ્રિડ મોડેલ હેઠળ રમાશે. જ્યાં પાકિસ્તાનની ટીમ તેની બધી મેચ કોલંબોમાં રમશે. પાકિસ્તાન ૦૨ ઓક્ટોબરે બાંગ્લાદેશ સામે પોતાનો પહેલો મુકાબલો રમશે.

## અમરેલી જિલ્લા પર મેઘરાજા મહેરબાન, પૂરમાં ફસાયેલા લોકો માટે હેલિકોપ્ટર સ્ટેન્ડ બાય રખાયું

# સાવરકુંડલામાં આભ ફાટ્યું: ૧૦ ઈંચ વરસાદથી જળબંબાકાર








## લીલીયાના ભોરીંગડા ગામે એસટી બસ વરસાદી પાણીમાં ફસાઈ

અમરેલી, તા.૧૬

અમરેલી શહેર અને જિલ્લામાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. સાવરકુંડલામાં રવિવાર સાંજથી શરૂ થયેલો વરસાદ સોમવાર સાંજ સુધી શરૂ રહ્યો હતો. અવિરત વરસાદના પગલે સાવરકુંડલામાં ૯ ઈંચ વરસાદ વરસી જતાં સાર્વત્રિક પાણી પાણી થઈ ગયું હતું. સાવરકુંડલા શહેર અને ગ્રામ્યમાં વરસાદના પગલે ધરતીપુત્રો ગેલમાં આવી ગયા હતા. ભારે વરસાદના લીધે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા, ચેકડેમો પણ છલકાયા હતા. સાવરકુંડલામાં પડેલા ભારે વરસાદના કારણે નાવલી નદીમાં ભારે પૂર આવ્યું હતું જેમાં એક ફોરવ્હીલ તણાઈ હતી સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. સાવરકુંડલાના ઘોબા ગામ નજીક ફલકું નદી, મેરામણ નદી અને ગાધકડા, ડુંગર ગામની સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. સાવરકુંડલાના જાબાળ ગામે સૂરજવડી નદી બે કાંઠે વહેવા લાગી હતી. સૂરજવડી નદી કાંઠે આવેલું હનુમાનજીનું મંદિર પણ પાણીમાં ગરકાવ થયું હતું. સાવરકુંડલા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સોમવારે મેઘરાજાનું દબદબાભેર અને વિધિવત આગમન થયું છે. લાંબા સમયથી ગરમી અને બફારાથી ત્રસ્ત લોકોને આ વરસાદથી મોટી રાહત મળી છે, અને ખાસ કરીને ખેડૂતોના ચહેરા પર ખુશીની લહેર છવાઈ ગઈ છે. વરસાદના કારણે સાવરકુંડલા શહેરમાં આવેલ તાત્કાલિક હનુમાનજી આશ્રમ પાસેનો ચેકડેમ પાંચમી વખત ઓવરફ્લો થયો છે. અગાઉ કમોસમી વરસાદ દરમિયાન આ ચેકડેમ ચાર વખત છલકાયો હતો.

અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે. ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમી ધારે વરસાદ પડ્યો છે. વરસાદના પગલે અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ થતાં રોડ-રસ્તા, ખેતરો બેટમાં ફેરવાયા હોવાના દૃશ્યો જોવા મળ્યા હતા. અમરેલી જિલ્લામાં સાર્વત્રિક વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

ભારે વરસાદના લીધે રાજુલાના બર્બટાણા ગામની ઘિયાલ નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. નદીના ધસમસતા પ્રવાહના લીધે અનેક ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા. જેના કારણે સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મૂકાયા હતા. લીલીયાના ભોરીંગડા ગામે એસ.ટી. બસ પાણીમાં ફસાઈ જતાં મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. ભોરીંગડા ગામે બની રહેલા કોઝ-વેના કારણે ડાયવર્ઝન અપાયું હતું. આ ડાયવર્ઝનમાં પાણી ભરાતાં બસ ફસાઈ ગઈ હતી. જોકે તમામ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો.

નાના માચીયાળા ગામ નજીક એક વૃક્ષ ધરાશાયી થતાં તે એસ.ટી. બસ પર પડ્યું હતું, જેના કારણે થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાયો હતો. અમરેલીથી ધારી હાઈવે પર ધોધમાર વરસાદને કારણે માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. દેવરાજીયા-માળીલા રોડ પર પણ ખેતરોના પાણી રોડ પર આવી જતાં માર્ગ પાણી-પાણી થઈ ગયો હતો, જેનાથી વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અમરેલી તાલુકાના કાઠમા ગામે ખોડીયાર મંદિરે પૂજા કરતા પૂજારી નટુબાપુના ત્રણ પરિવારજનો પૂરમાં ફસાયા જે સ્થાનિક લોકોની મદદથી બહાર આવ્યા હતા. મોટા આંકડિયા સહિતના ઉપરવાસના ગામોમાં ભારે વરસાદના કારણે અમરેલીના વડી ડેમમાં જોરદાર પાણીની આવક થઈ હતી જેના કારણે છ દરવાજા બે મીટર ખોલવામાં આવ્યા હતા.

રાજુલાનાં હડમતીયા અને દેવકા ગામની વચ્ચે આવેલી જોલાપુરી નદીમાં પૂરની સ્થિતી જોવા મળી હતી. જે પાણીના ભયંકર પ્રવાહમાં ૨૫ જેટલા ઘેટા તણાવા લાગ્યા હતા. જોકે ઘેટા તણાતા સ્થાનિકો દ્વારા ઘેટાને બચાવવા માટે તાત્કાલીક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નદીમાં ભારે પ્રવાહ હોવાને કારણે ૧૫ જેટલા ઘેટા તણાઈ ગયા હતા, જ્યારે ૧૦ ઘેટાને બચાવી લેવામાં આવ્યા હતા. રાજુલા તાલુકામાં ભારે વરસાદના કારણે ધાતરવડી ડેમ એક અને બે બંને ઓવરફ્લો થઈ ગયા હતા. જેના પાણી વાવેરા ગામની અંદર ઘૂસી ગયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ છેલ્લા ૫૦ વર્ષમાં આટલું પાણી ક્યારેય પણ ગામમાં આવ્યું નથી. ભારે વરસાદના કારણે આ વિસ્તારમાં ખેતીવાડીને ભારે નુકસાન થયું છે. દામનગર અને લાઠી વિસ્તારમાં સવારથી જ ધીમી ધારે વરસાદ વરસ્યો હતો. વાવણીલાયક વરસાદ થતાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી. મતીરાળા, વરસડા, ઈશ્વરીયા સહિતના ગામોમાં પણ ભારે વરસાદ પડ્યો હતો. શેત્રુંજીના કાંઠે લીલીયા તાલુકાના બવાડી ગામના ખેતર વિસ્તારમાં છ નાગરિકો અને નદીકાંઠે આવેલા રાજુલા નગરપાલિકાની સત્યજીત સોસાયટી વિસ્તારમાં બે નાગરિકો પાણીમાં ફસાયા હતા તેમને પણ રેસ્કયુ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

### મેરામણ નદીનાં બેઠા પુલ પર ફસાયેલા ૬ લોકોને બચાવાયા



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ફીફાદથી ગારીયાધાર જવાના રસ્તા પર મેરામણ નદીનાં બેઠા પુલમાં સ્કૂલ બસ પાણીમાં ફસાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા પોલીસ, ફાયર બ્રિગેડ તથા સ્થાનિક લોકોની મદદથી ૬ લોકોને સલામત રીતે રેસ્કયુ કરી બહાર કાઢવામાં આવ્યા હતા.

### અમરેલી જિલ્લામાં ક્યાં કેટલો વરસાદ ખાબક્યો

અમરેલી જિલ્લામાં સવારે સોમવારે ૬ થી સાંજે ૮ વાગ્યા સુધીના વરસાદી આંકડા પ્રમાણે કુંકાવાવ-વડીયામાં ૩ ઈંચ, બાબરામાં ૩ ઈંચ, , લાઠીમાં ૨ ઈંચ, લીલીયામાં ૫ ઈંચ, અમરેલીમાં ૬ ઈંચ, બગસરામાં ૨ ઈંચ, ધારીમાં ૨ ઈંચ, સાવરકુંડલામાં ૧૦ ઈંચ, ખાંભામાં ૬ ઈંચ, જાફરાબાદમાં ૨ ઈંચ, રાજુલામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો હતો.

### પીપાવાવ ખાતે ૨૪ લોકોનું રેસ્કયુ કરાયું



રાજુલાના પીપાવાવ ખાતે GWSSB પ્રોજેક્ટમાં કામ કરતા ૨૪ લોકોને પીપાવાવ કોસ્ટગાર્ડ દ્વારા રેસ્ક્યુ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ભારે વરસાદના કારણે નદીમાં પૂર આવી જતા ૨૨ લોકો પૂરમાં ફસાયા હતા. જેની જાણ તંત્રને થતા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## બનાસકાંઠાના જસરા ગામે એસએમસીનાં પીઆઈનાં માતા-પિતાની લૂંટારુઓએ કરી હત્યા

(એચ.એસ.એલ),પાલનપુર,તા.૧૬



બનાસકાંઠા જિલ્લાથી ડબલ મર્ડરની ચોંકાવનારી ઘટના સામે આવી છે. વાસ્તવમાં લાખણી તાલુકાના જસરા ગામે સ્ટેટ મોનિટરીંગ સેલના પીઆઈના વૃદ્ધ માતા-પિતાની ક્રૂર હત્યા કરવામાં આવી છે. પ્રાથમિક વિગતો મુજબ અજાણ્યા લૂંટારુઓએ બંનેના ચહેરાને તીક્ષ્ણ હથિયારથી ઘા કરી ચીરી નાખ્યા હતા. આ સાથે પીઆઈના માતાએ પગમાં પહેરેલ કડલાની લૂંટ કરવા આ નરાધમોએ તેમના પગ જ કાપી નાખ્યા હતા. ડબલ મર્ડરની આ ઘટનાને લઈ હવે પોલીસ તંત્રમાં દોડધામની સ્થિતિ બની છે. ઘટનાની જાણ થતાં સ્થાનિકો સહિત લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. વિગતો મુજબ સ્ટેટ મોનિટરીંગ સેલમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર અજમલ ચૌધરીના ખેતરમાં કામ કરતો ભાગીદાર સવારે તેમના ઘરે પહોંચ્યો ત્યારે આ હત્યાની ઘટના સામે આવી હતી. જેમાં ઘરના આંગણામાં ખાટલામાં બંનેના મૃતદેહ લોહીલુહાણ હાલતમાં મળતા પોલીસને જાણ કરાઈ હતી. જિલ્લા પોલીસ વડા સહિતના પોલીસકર્મીઓ, ડૉગસ્ક્વૉડ, એફએસએલની ટીમ ઘટના સ્થળે તપાસ માટે પહોંચી હતી.

## ભાવનગર જિલ્લામાં મેઘરાજાની મહેર : જેસરમાં ૧૧ ઈંચ, મહુવામાં ૮ ઈંચ વરસાદ

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૧૬



ગુજરાતમાં ચોમાસા પહેલાં જ વરસાદે ધડબડાટી બોલાવી છે. સોમવારે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદે માજા મૂકી છે. સવારના ૬ કલાકે ૭૦ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં ભાવનગરમાં સૌથી વધુ વરસાદ ખાબક્યો છે. ભાવનગરના જેસરમાં સૌથી વધુ ૭ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. અહીં માત્ર ૧૦ થી ૧૨ વાગ્યા સુધી એટલે કે બે કલાકમાં જ ચાર ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. ભાવનગરમાં સોમવારે સવારથી મેઘરાજાએ દે ધનાધન શરૂ કર્યું હતું. અહીં જેસર ઉપરાંત, પાલિતાણામાં ૫.૯૪ ઈંચ એટલે કે છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાવનગરના મહુવામાં પણ ૫.૮૩ ઈંચ વરસાદ પડ્યો છે. ભાવનગરના તળાજા અને શિહોરમાં પણ સોમવાર સવારથી વરસાદ વરસી રહ્યો છે. અહીં તળાજામાં ત્રણ ઈંચ અને શિહોરમાં ૧.૮૧ ઈંચ વરસાદ નોંધાયો છે. ખાંભા, ગારિયાધાર, હાંસોટ, સુત્રાપાડા, ઉના, ઉમરગામ, રાજુલામાં પણ સવારે વરસાદ વરસ્યો છે. અહીં ચાર કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.




## મુખ્યમંત્રી પટેલે સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલા દર્દીઓના ખબરઅંતર પૂછ્યા

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૧૬



રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનના સમાચારથી સમગ્ર રાજ્યમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તા.૧૬ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં દિવંગત નેતાના પાર્થિવ દેહને રાજ્ય સરકારી પ્રોટોકોલ અનુસાર ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. પાર્થિવ દેહને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમનાં ધર્મપત્ની અને પુત્ર સહિતના પરિવારજનોને સંપૂર્ણ સન્માન સાથે સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે વિમાન દુર્ઘટનાના પીડિતોને મળીને તેમના ખબરઅંતર પૂછ્યા હતા. સીએમ પટેલે હતભાગીઓના પરિવારજનોની મુલાકાત લઈ તેમને સાંત્વના પણ પાઠવી હતી.

